|| હરિઃૐ ||



પૂજ્ય શ્રીમોટા વિરચિત

# ભાવહર્ષા

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# ભાવહર્ષા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

❑ © હરિઃૐ આશ્રમ, સુરત-નડિયાદ

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| દ્વિતીય | ૧૯૯૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૫ | ૧૦૦૦ |

❑ **પૃષ્ઠ :** ૩૦ + ૮૨ = ૧૧૨

❑ કિંમત : **રૂ. ૫/-**

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯)૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
અમદાવાદ - ૩૮૦ ૦૦૭. મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર**
અમદાવાદ-૩૮૦ ૦૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ

### (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને પ્રિય એવા
દક્ષિણ ભારત-કેરાલાથી સુરતમાં આવી
આજીવિકાની કામગીરી માટે
સ્થાયી થનાર અને
સામાન્ય કામગીરીના નાનકડા
વેતનમાંથી પણ કરકસરથી
જીવન જીવી દર મહિને
થોડી થોડી બચત કરનાર,
તેમ જ અચાનક-આકસ્મિક-રીતે
અવસાન પામનાર

**સ્વ. શ્રી રાજેશકુમારની પુણ્યસ્મૃતિમાં**

**'ભાવહર્ષા'**ની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન
પ્રેમભાવે તે સદ્‌ગતને સમર્પિત કરતાં અમો
આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૦૫
(મકરસંક્રાંતિ)

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સમર્પણાંજલિ (ત્રીજી આવૃત્તિ) | ૩ |
| ૨. | સમર્પણાંજલિ (પ્રથમ આવૃત્તિ) | ૫ |
| ૩. | લેખકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૬ |
| ૪. | સંપાદકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૧૫ |
| ૫. | નિવેદન (પ્રથમ આવૃત્તિ) | ૨૦ |
| ૬. | 'શ્રીહરિકીર્તનનો પ્રસાદ' (બીજી આવૃત્તિ) | ૨૨ |
| ૭. | અમારે કહેવાનું કે- (બીજી આવૃત્તિ) | ૨૫ |
| ૮. | નિવેદન (બીજી આવૃત્તિ) | ૨૭ |
| ૯. | નિવેદન (ત્રીજી આવૃત્તિ) | ૨૮ |

● ● ●

| | | |
|---|---|---|
| ખંડ ૧ | સંસારસાધના | ૧-૫ |
| ખંડ ૨ | ગરજ | ૬-૧૦ |
| ખંડ ૩ | એનું જ નામ દિલ છે | ૧૧-૧૯ |
| ખંડ ૪ | સાધનારંગ-પૂર્વાધ | ૨૦-૨૮ |
| ખંડ ૫ | સાધનારંગ-ઉત્તરાર્ધ | ૨૯-૪૨ |
| ખંડ ૬ | મથાયું તો કૃપાથી છે | ૪૩-૫૦ |
| ખંડ ૭ | હરિના નામનો કેવો પ્રભાવ ને પ્રતાપ છે | ૫૧-૬૫ |
| ખંડ ૮ | સર્વશ્રેષ્ઠ હરિ જ છે | ૬૬-૭૮ |

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ

(પ્રથમ આવૃત્તિ)

શ્રી ડૉ. સુમનભાઈ એમ. શાહ (એમ.ડી.)

તથા

શ્રીમતી ચંદ્રિકાબહેન સુમનભાઈ શાહને

સસ્નેહ સમર્પણ

તા. ૨૦ એપ્રિલ, ૧૯૭૫ **-મોટા**

(રામનવમી)

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

ભાવમાળાનાં ચાર પુસ્તકો - 'ભાવકણિકા', 'ભાવરેણુ', 'ભાવપુષ્પ' અને ચોથું 'ભાવજ્યોતિ' પૂરાં કર્યાં અને પછી રોગોના સખત હુમલાના કારણે મારે વડોદરા શ્રી ભાઈલાલ અમીન હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું.

હૉસ્પિટલમાં સંચાલકોએ તાબડતોબ પ્લાસ્ટર, વીજળી, વૉટર કનેક્ષન વગેરે કરાવીને રહેવા લાયક રૂમ બનાવી દીધો અને બધી સુવિધા કરી આપી. દાક્તરોએ મારી જે જે શારીરિક ચિકિત્સા કરાવવી ઘટે તે કરાવી અને નિદાન અનુસારનાં દવા-સારવાર શરૂ થયાં. હૉસ્પિટલની નર્સ બહેનો અને બીજા સેવકોએ દિવસ-રાત ખડે પગે મારી શુશ્રૂષા કરી. શ્રી રામ, કાંતાબા, ભાઈ રાજુ અને રેણુકા, શ્રી ઈંદુકાકા અને જયશ્રી અને પુષ્પાબહેન વગેરે બધાં થોડા થોડા દિવસ આવીને મને હળવાશ આપવા મારી સેવામાં હાજર રહ્યાં. એ રીતે પાંત્રીસેક દિવસ ગાળ્યા બાદ મેં હૉસ્પિટલ છોડી. દમની રાહત માટે ઑક્સિજન ચાલુ હતો. દિવસમાં ચારપાંચ વાર ઑક્સિજન લેવો પડતો હતો. નડિયાદ, સુરત, ફાજલપુર વગેરે જુદે જુદે સ્થળે રહેવાનું બને છે, છતાં બધે બધી સગવડ મળી રહે છે, તેને હું ઈશ્વરની કૃપાપ્રસાદી જ સમજું છું અને મારો વહાલો કેવો હાજરાહજૂર છે તે જાણીને ગદ્‌ગદિત થાઉં છું. જે ભગવાનનો થાય છે તેની ભગવાન કેટલી બધી સંભાળ રાખે છે, તેનો પ્રત્યક્ષ પુરાવો આનાથી બીજો વધુ કયો હોઈ શકે ?

મારા વહાલાએ મારા જીવનમાં મને એટલી બધી મદદ કરેલી છે કે તેનાં ગુણગાન ગાતાં મને ધરવ થતો નથી. ભગવાનનું નામ

એક નહિ અને અનેક રીતે ગાતાં મને એટલો બધો આનંદ આવે છે કે મારું રોમ રોમ તેથી પુલકિત થાય છે અને મારા શ્વાસોશ્વાસમાં તેનો રણકાર ગુંજ્યાં કરે છે. ઘણીવાર હરિના નામનું ગુંજન મારી ઊંઘ પણ હરી લે છે, પણ તેથી કદી મને નુકસાન થયું નથી, પણ મારા દિલમાં મસ્તી જ પ્રવર્તી છે અને ખરું કહું તો ભગવાનના નામને લીધે જ આજે હું જીવી રહ્યો છું.

ઘણા લોકો ઘણી વાર મને કહે છે કે 'મોટા, તમારાં લખાણોમાં એક ને એક વાત ઘણી વાર બેવડાતી હોય છે.'

તેમને મારો જવાબ છે કે 'ભાઈ, ભગવાનનું નામ પણ એક જ છે અને અનેક રીતે એને લઈએ છીએ, તેથી શું તે બેવડાય છે એમ કહેશો ? અથવા અયોગ્ય છે એમ કહેશો ?

વિદ્વાનો કે સાહિત્યકારોને કદાચ મારાં લખાણો ન ગમે તે અંગે પણ મારાં પુસ્તકોમાં મેં જાહેર કરેલું છે કે હું વિદ્વાનો અને સાહિત્યકારોને માટે લખતો નથી, પરંતુ જેમને આત્મોન્નતિમાં રસ છે, એવા જે જે જીવો મારી સાથે સંકળાયેલા છે તેમને માટે હું લખું છું. મારી શૈલી સીધીસાદી ગામઠી છે કે જેથી સાધારણ માણસ તે સમજી શકે. મારાં લખાણોને કોઈ સાહિત્ય ગણે કે ન ગણે તે સાથે મારે લેવાદેવા નથી, પરંતુ જેમને માટે હું લખું છું તેમને તે સ્પર્શે છે કે નહિ તે તરફ મારો વિશેષ ઝોક હોય છે.

• • •

આજે જ્યારે જીવનને આરે બેઠો છું ત્યારે મારાં લખાણો વિશે આટલી સ્પષ્ટતા એટલા માટે કરું છું કે ભવિષ્યમાં મારાં લખાણો વિશે કોઈને સગડગ ન રહે.

• • •

માંદગીમાંથી ઊઠ્યા બાદ શ્રી ઈંદુકાકાએ મને વાત કરી કે 'મોટ, જો તમે પુસ્તક લખો તો તેનો બધો ખર્ચ આપવાની વાત

અમદાવાદના મારા એક સ્નેહી ભાવુક ભાઈએ કરી છે.' આ ભાઈ મને અમદાવાદમાં એકબે વાર મળેલા અને ઈંદુકાકા સાથે નડિયાદ આશ્રમે પણ એક વાર પધારેલા. નાણાં મળે તો જ હું પુસ્તક લખવાનું સ્વીકારું છું, એ વાત હવે સૌ કોઈ જાણે છે. આમ, નાણાં મળવાની વાત થઈ એટલે પુસ્તક લખવાનું હાથમાં લીધું. ૨૦૮ મૌક્તિકો લખવાનાં હતાં. ૧૫૪ મૌક્તિકો નડિયાદ હતો તે દરમિયાન લખાયાં અને બાકીનાં ૫૪ ફાજલપુર હતો ત્યારે લખાયાં. એ રીતે આ 'ભાવહર્ષા' પુસ્તક પૂરું થયું.

આ પુસ્તકમાં મેં જે હરિને ગાયો છે, આરાધ્યો છે અને જે હરિને લીધે આજે મારું સમાજમાં આદરમાન થાય છે તેની મેં વાત કરી છે.

જે વાતનો મુદ્દલે વિચાર નહિ કે જે વાતનો કશો પણ ખ્યાલ નહિ એ ભગવાનના માર્ગ તરફ હું શી રીતે વળ્યો હોઈશ ? તે વિશે આજે વિચાર કરું છું ત્યારે મને પોતાને પણ આશ્ચર્ય થાય છે. ગાંધીજી પાસેથી દેશસેવાનું વ્રત લઈને હું હરિજન સેવામાં જોડાયો હતો. તે કાળે ગાંધીજીનો એવો સૂરજ તપતો હતો કે તેઓ જે આદેશ આપે એ જ ખરું કામ. સાધુસંતો અને બાવા એ તો દેશને ભારરૂપ ગણાતા હતા. એટલે એમને વિશે વિચાર પણ ક્યાંથી આવે ? તો પછી ભગવાનના નામની વાત તો ક્યાંથી જ હોય ?

પણ ભગવાનને મને એના માર્ગે વાળવો હતો. એને થયું હશે કે આ છોકરાનો માર્ગ જુદો છે અને એ જુદે માર્ગે ચઢી ગયો લાગે છે. એને એમ ને એમ કહીશ કે તારો માર્ગ જુદો છે અને તું ખોટે રસ્તે ચઢી ગયો છે તો એ નહિ માને. એને Shock-આઘાત આપીશ તો જ એ સાચે માર્ગે ચઢશે. એટલે મને ફેફરાનો રોગ થયો. દવાઓથી મટ્યું નહિ અને રોગથી હું કાયર, કાયર થઈ ગયો. એક વેળા ચાણોદ ફરવા ગયો હતો, ત્યાં નર્મદા કિનારે એક

સાધુ મહાત્માએ કહ્યું, 'બચ્ચા, તારે રોગ મટાડવો હોય તો એક દવા બતાવું, પણ તારા માન્યામાં નહિ આવે.' મેં એ મહાત્માને ખાતરી આપી કે તમે બતાવશો એ દવા હું જરૂર કરીશ ત્યારે એમણે મને ભગવાનનું નામ લેવાનો ઉપાય બતાવ્યો.

સાધુ મહાત્માએ ભલે મને સાચો ઉપાય બતાવ્યો, પરંતુ જ્યાં સુધી એમાં શ્રદ્ધા ન બેસે ત્યાં સુધી એ નિરર્થક છે. હું આગળ જણાવી ગયો તેમ તે કાળે ગાંધીજીની બોલબાલા હતી અને ઈશ્વરમાં એમને ભારે શ્રદ્ધા હતી. એટલે મારી બધી હકીકત લખી જણાવી, પૂછ્યું. ગાંધીજીનો જવાબ આવ્યો કે ઈશ્વરના નામથી ગમે તે રોગ મટી શકે છે. માટે ખુશીથી તું ભગવાનનું નામ લે અને મેં ભગવાનનું નામ લેવા માંડ્યું. પ્રભુકૃપાથી ભગવાનનું નામ એવું સરસ રીતે લેવાયું કે મારો રોગ તો મટ્યો જ, પરંતુ મારું કામ જીવંત રીતે થવા માંડ્યું. તેમાં ગતિ આવી અને એકી સાથે અનેક કામ કરવા છતાંય બધાય કામ તરફ એકસરખું લક્ષ અપાવા માંડ્યું. આ રીતે ભગવાનના નામની અસર મારા શરીર, મન અને કામમાં પ્રવર્તાવા લાગી. એટલે તેનું નામ હું વધુ લેવા લાગ્યો.

આ સમય દરમિયાન સાંઈ ખેડાવાળા શ્રી ધૂણીવાળા દાદાએ શ્રી બાળયોગી મહારાજને મારે માટે મોકલેલા, તેમનો ભેટો થઈ ગયો હતો અને તેઓએ મને સાધનામાં દીક્ષિત કર્યો હતો. તેઓએ મારી સાથે બે માસ જેટલો સમય ગાળ્યો હતો અને સાધનામાં મારે શું કરવું તે વિશે મને માર્ગદર્શન આપ્યું હતું. વળી, ભવિષ્યમાં 'સાધનામાં તને મુશ્કેલી પડે અને તારી 'સાધના' અટકી પડે ત્યારે મને યાદ કરજે. એટલે તરત તારી પાસે આવી હાજર થઈશ.' એવું અભયવચન આપ્યું હતું અને તેમના વચન પ્રમાણે જ્યારે જ્યારે મારી સાધનામાં મને મુશ્કેલી જણાઈ અને બીજો કશો ઉપાય સૂઝ્યો ન હતો ત્યારે તેમણે આવીને મને મદદ કરી છે અને પ્રેરણા આપી

છે. આ ગાળામાં દિવસના સોળ સોળ કલાક ભગવાનનું નામ લેતો હતો, તેમ છતાં સ્મરણની નિરંતરતા હજી મારામાં પ્રગટી ન હતી. શું કરું તો તેમ થાય તે માટેનાં મારાં મંથન અને મથામણ બંને ચાલુ હતાં, પણ તેથી કશું વળ્યું નહિ. ગુરુમહારાજને પણ ઘણી ઘણી વિનવણી અને પ્રાર્થના કરતો પણ તેઓ જાણે અલોપ થઈ ગયા હોય તેમ મને કશી ઝાંખી થતી ન હતી.

એવામાં મરણશરણનો એક ભયંકર ઉલ્કાપાત મારી ઉપર થયો. ખેડા જિલ્લામાં બોદાલ હરિજન આશ્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે બધું કામ પતાવીને આશ્રમની બહાર રાતે ખેતરમાં ખુલ્લામાં હું સૂતો હતો. મારી એક પડખે શ્રી ઠક્કરબાપા અને બીજે પડખે શ્રી શ્રીકાંત શેઠ સૂતા હતા. ત્યાં મધરાત બાદ મારી સાથળમાં આવીને એક સાપે મને બેચાર ડંખ માર્યા. બૂમાબૂમ થઈ અને બધા જાગી ગયા. બધાએ જોયું કે હું બેભાન બનતો જતો હતો અને હું હરિઃૐના પોકારો મોટેથી પાડતો હતો. કોણે કહ્યું તેની મને યાદ નથી પણ કોઈકે ત્યારે મને એમ પણ કહ્યું કે ભગત ! તમને સાપ કરડ્યો છે અને તમે હરિઃૐના બરાડા શા માટે પાડો છો ? ત્યારે મારામાં બોલાય એવી શક્તિ ન હતી. એટલે તેમને હું કેવી રીતે સમજાવુ ંકે સાપ કરડ્યાને કારણે મારા શરીરની નસેનસ અને રોમેરોમ જે ઝેર પ્રસરી રહ્યું હતું તે થંભાવવાને માટે હું હરિઃૐના પોકારો પાડું છું. મેં કોઈનું કંઈ ગણકાર્યું નહિ અને હરિઃૐના પોકારો ચાલુ જ રાખ્યા. ગામમાં જે કંઈ ઘરગથ્થુ દવાઓ પ્રાપ્ત હશે તે બધી કરી જોઈ, પરંતુ ફેર પડ્યો નહિ. ત્યારે પાસેના ગામમાં કોઈ સાપ ઉતારનારને ત્યાં મને લઈ ગયા, પણ ત્યાંય કંઈ વળ્યું નહિ. મારી સ્થિતિ વિકટ થતી જતી હતી. હમણાં બેભાન થઈ જવાશે અને પછી ખલાસ, પણ મારા મુખમાંથી હરિઃૐના પોકારો તો જોરશોરથી ચાલુ જ હતા. આ સ્થિતિમાં મને આણંદમાં

ડૉ. કૂકના દવાખાને લઈ જવામાં આવ્યો અને દાક્તરને બધી પરિસ્થિતિથી વાકેફ કર્યા. દાક્તરે તુરત જ મને એનિમા આપી મારા શરીર અને આંતરડાંને વૉશ કરી (ધોઈ નાખ્યાં) અને બધું પાણી બહાર કાઢી નાખ્યું. તેની તપાસ કરાવતાં તેમાં સાપનું ઝેર એટલા બધા પ્રમાણમાં હતું કે સાધારણ સંજોગોમાં માણસ મરી જ જાય તેમ છતાં આ છોકરો કેવી રીતે જીવ્યો ? એ તેમને મન એક આશ્ચર્ય જ હતું. છેવટે તેઓ બોલ્યા કે દવાખાનામાં એક દર્દીને બચાવવા મારાથી જે બની શકે તે બધું મેં કર્યું છે. હવે, ઉપરવાળો જે કરે તે ખરું. એટલું બોલી તેઓ ચાલ્યા ગયા, પરંતુ સવારે આવીને જુએ છે તો હું ભાનમાં હતો અને બચી ગયો છું તે જોઈને તેમના મુખમાંથી સહજ ઉદ્‌ગાર નીકળ્યા કે મારા એકલાની શક્તિનું આ પરિણામ નથી, ભગવાનની કૃપાશક્તિએ એમાં ખરો ભાગ ભજવ્યો છે. કેમ બચ્યો તે હું જાણતો હતો પણ તે વખતે બોલવું યોગ્ય ન હતું. એટલે હું કાંઈ બોલ્યો નહિ. દવાખાનામાં પડ્યો પડ્યો એક તરફ હું સર્પદંશની વેદનાથી પીડાતો હતો અને મારા માથામાં ઝાટકા વાગતા હતા તો બીજી તરફ મારા હૃદયની ધડકનમાં એક સુખદ નાદ ગાજી રહ્યો હતો. એ નાદ શેનો હતો તે હું એકલો જ જાણતો હતો. સ્મરણના નિરંતરનાં સોપાને હું પહોંચી ગયો હતો. આમ, મારા દિલમાં ત્યારે દુઃખ અને આનંદની કેવી સંમિશ્રણ લાગણીઓ પ્રગટી હશે તેની કલ્પના વાચક જ કરી લે.

મારી સાધનાના પ્રસંગોની હકીકત મારા ‘જીવનદર્શન’ પુસ્તકમાં મેં વિસ્તૃત રીતે લખી છે. જેમને રસ હોય તેઓ તે જરૂર વાંચે, જેમ મનુષ્યના જીવનમાં બાલ્યવયના ઘડતરને અતિ મહત્ત્વનું ગણ્યું છે તેમ સાધનામાંય શરૂઆતનો કાળ ઘણો જ મહત્ત્વનો હોય છે. એટલા માટે મેં મારી સાધનાના પ્રારંભકાળને આ પુસ્તકમાં ક્રમબદ્ધ આલેખ્યો છે. જેથી, વાચક તે સરળતાથી સમજી શકે.

મનુષ્યનાં પ્રકૃતિ અને સ્વભાવ એકસરખાં હોતાં નથી. દરેક માણસની પ્રકૃતિ અને સ્વભાવ નોખાં નોખાં હોવાનાં. એટલે તે અનુસાર દરેકની સાધના પણ નોખા નોખા પ્રકારે જ થવાની. એકે અમુક પ્રકારે સાધના કરી તો બીજો તે જ પ્રકારે સાધના કરશે એવું નહિ બનવાનું. વળી, ભગવાનનું નામ લીધું એટલે સાધના થઈ ગઈ એવું માનવાની પણ રખે કોઈ ભૂલ કરે. નામસ્મરણ એ તો હૃદયની શુદ્ધિ કરવાનું એક સાધન માત્ર છે અને તે દ્વારા ભગવાનની ભક્તિમાં સ્થિર અને દૃઢ થવાય છે અને સાધનામાં આગળ વધવા માટે તે પ્રેરણાને મદદરૂપ થાય છે. શ્રેયાર્થીએ આ બધું જાણવાની, સમજવાની અને તેમાં ઊંડા ઊતરવાની જરૂર છે. એમ નહિ બને તો શ્રેયાર્થી જ્યાંનો ત્યાં પડી રહેશે અને સાધનામાં તેની પ્રગતિ થશે નહિ. યુદ્ધમાં જો સૈનિક બરાબર સાવધ રહે અને દુશ્મનની ચાલ પારખીને લડે તો જ તે જીતે છે, તેમ સાધના પણ જીવનના ઊર્ધ્વીકરણ માટેનું એક યુદ્ધ જ છે અને શ્રેયાર્થી તેમાં સતત સાવધ રહીને પાર પડે છે તો જ તે સિદ્ધિને વરે છે, પણ સિદ્ધિ વરવી એમ કાંઈ સહેલી નથી. શ્રેયાર્થીની ઘણી વાર એમાં ચડપડ થાય છે અને કોઈ વાર તો સિદ્ધિની મોહામણી ભુલભુલામણીમાં અટવાઈ જઈ તે શ્રેયાર્થી એક માર્ગને બદલે બીજે માર્ગે પણ ચઢી જાય છે. આમ, સિદ્ધિ વરવા જતાં ભયસ્થાનો પણ ઘણાં આવે છે. ઘણીવાર શ્રેયાર્થીનો કેફ પણ એને સાધનામાં આગળ જતાં રોકી રાખતો હોય છે.

આથી જ ભગવાનના નામ અને ભક્તિનો મેં મહિમા ગાયો છે. આથી, આપણું અહમ્ ટળે છે. રાગદ્વેષ મોળા પડે છે, કશી આશા અપેક્ષા રહેતી નથી. હૃદય નિર્મળ થાય છે અને ખળખળ વહેતી નદી જેમ સાગરમાં ભળી જાય છે એમ ભગવાનનું નામ લેવાથી આપણો આત્મા પ્લાવિત થઈને ભગવદ્ ભાવમાં ભળી જાય

છે. આથી મનમાં જે પ્રસન્નતા રહે છે, શાંતિ પ્રવર્તે છે અને તૃપ્તિ થાય છે, તે લાખો રૂપિયા આપવા છતાં પણ સંસારમાં ન મળે એવાં છે. મારી આ વાત જગતને હું કેવી રીતે સમજાવું ?

મારી સાધનામાં ભગવાનના નામને આથી જ મેં મુખ્ય ગણ્યું છે. કોઈ મને પૂછે કે મોટા, ભગવાનના નામમાં તમને શું મળ્યું ? તો હું તેને કહું કે ભગવાનના નામથી શું નથી મળ્યું ?

(૧) મને ભગવાને એનો બનાવ્યો એ પહેલું મળતર.

(૨) ભગવાને મને એની ભાવપ્રસાદી આપી અને મેં તે એકલા ન આરોગતાં સર્વને ધરી એ બીજું મળતર.

(૩) બુડથલ જેવા મારી પાસેથી એણે શાસ્ત્રો જેવાં કેટલાંય પુસ્તકો લખાવ્યાં એ ત્રીજું મળતર.

(૪) લોકકલ્યાણનાં કાર્યો માટે લાખો રૂપિયા અપાવરાવ્યા એ ચોથું મળતર.

(૫) આટઆટલી માંદગીઓ છતાં એની છત્રછાયાથી હું સ્વસ્થતાથી જીવી શકું છું એ પાંચમું મળતર.

(૬) આબાલવૃદ્ધ મારા જે ચાહકો છે તેમના દિલમાં મને સ્થાન મળ્યું છે અને 'મોટા'ને અમુક વસ્તુ જોઈએ છે તેનું નામ પડતાં જ તે મને મળી જાય છે. આવો લોકોનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો છે એ છઠ્ઠું મળતર.

આમ, ભગવાનને મેં કશું નથી આપ્યું, છતાં ભગવાને મને કેટકેટલું આપ્યું છે ? ભગવાને સર્વોત્તમ ભેટ તો મને ભાવની બક્ષી છે. જે ભાવ દ્વારા સૌની સાથે દોસ્તી કરવાની મને તક મળે છે. અને તેમને ભગવાનનો ભાવ પહોંચાડવામાં હું નિમિત્ત બનું છું. તેના રસનો જે સ્વાદ મેં ચાખ્યો છે તેની તોલે જગતનો કોઈ સ્વાદ આવે એમ નથી. જેમ જેમ હું એની સમીપ ગયો છું તેમ તેમ એનું

સ્વરૂપ મને નિરનિરાળું લાગ્યું છે, જેને શબ્દોમાં હું વર્ણવી શકતો નથી. એથી જ આ પુસ્તકમાં મેં ગાયું છે કે 'સર્વશ્રેષ્ઠ હરિ જ છે.'

ઈશ્વરની આવી બલિહારી છે. એ ઈશ્વરનો થવા માટે મેં જે જે પ્રયત્નો કર્યા છે તેને ટૂંકમાં આ પુસ્તકમાં રજૂ કર્યા છે. મારા ગુરુમહારાજે મને સાધનામાં દીક્ષિત કર્યો ત્યારે કહેલું કે ઈશ્વરને માર્ગે જતાં જતાં તને જે જે થાય તેને તું હૃદયમાં સંઘરી ના રાખીશ, પરંતુ જેઓ ભગવાનને માર્ગે જવા માગે છે તેમને તારા અનુભવોની જાણ કરજે. મેં તને જેમ ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કર્યો છે તેમ તું પણ લોકોને ઈશ્વરને માર્ગે જવામાં પ્રોત્સાહિત કરજે. લોકોને ઈશ્વરાભિમુખ કરવા માટે આથી જ મારી સાધનાના અનુભવોની જાણ હું કરી રહ્યો છું કે જેથી કોઈને પણ એનો રંગ લાગે. મારા ગુરુમહારાજને આ જ મારી ગુરુદક્ષિણા છે. સંપાદકના બે બોલમાં આ પુસ્તક વિશે વિસ્તૃતમાં લખાયું છે એટલે તે વિશે વધુ લખતો નથી. અંતમાં મેં અનેક વાર ગાયું છે તે ફરી વાર નીચે ટાંકીને લેખકના બે બોલ પૂરા કરું છું.

**'કેવો હતો ? પતિત શો મુજને ચઢાવ્યો !**
**ક્યાંનોય ક્યાંય મુજને ગગને ઉરાડ્યો ?'**
**દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,**
**એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.**

હરિઃૐ આશ્રમ, નડિયાદ **—મોટા**
તા. ૨૦-૨-૧૯૭૫

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જગતમાં જ્યારે સર્વત્ર જોરશોરથી ગરીબી વિશેના પોકારો પડી રહ્યા છે ત્યારે પૂજ્ય શ્રીમોટાના ગરીબી વિશેના વિચારો જાણવા અને સમજવા સમયસરના છે, એમ માનીને તે નીચે ટાંક્યા છે. ગરીબી વિશે તેઓ લખે છે કે :

**'ગરીબીમાં અમીરી છે' એવું અનુભવેલ છે,**
**દાંડી પીટી પીટી હું તો સર્વને કથું લક્ષ લો.'**

એક રીતે જોઈએ તો પૂજ્ય શ્રીમોટાના ગરીબી વિશેના વિચારો અત્યંત સૂચક છે. માણસમાં ભાવ હોય છે તો તેને કોઈ કાર્ય કઠિન લાગતું નથી. ભાવથી માણસમાં એવી શક્તિ પ્રગટે છે કે ગમે તેવું કઠિન કાર્ય પણ સરળતાથી પાર પાડી શકે છે. પુરુષાર્થ શું કરી શકે છે એ વાત જો આપણા સમજવામાં આવે તો જરૂર આપણે ગરીબીને હઠાવી શકીએ છીએ. તેનો પ્રત્યક્ષ દાખલો આપતાં પૂજ્ય શ્રીમોટા પોતાને જ વિશે કહે છે કે :

**'ગરીબી હતી તેથી તો ઉપર આવવાતણું**
**જોમ કેવું હતું તેની જાણ આજે હજીય છે !**
**ઉત્સાહ કેટલો મોટો દરજ્જે આવીને ઊંચે**
**-હામ દર્શાવવા ભીડી ગરીબની શી શક્તિ તે !'** (પૃ. ૩)

અને સમાજમાં પણ ગરીબીમાંથી ઊંચે આવીને કેટલાય ઉદ્યોગપતિઓ નામાંકિત નથી થઈ ગયા ? તેઓ ગરીબીમાંથી ઊંચે કેવી રીતે આવ્યા ? તે વિશે જરા ઊંડે ઊતરીને જોઈશું તો જણાશે કે ગરીબી કાઢવાની તેમને ગરજ જાગી હતી અને કોઈ પણ કાર્ય માટે જો ગરજ જાગે છે તો :

**'ગરજ લાગેલ છે જેને નિરાંતે સૂઈ ના શકે,**
**સતત શું મથ્યા વિના રે'વાય ના કદીય તે !**
**એકધારું જ ચોંટેલું એનું નિશાન હોય છે,**
**નજર આડીતેડી ના એની કદીય જાય છે.' (પૃ. ૭)**

અને સાધન દ્વારા જ્યારે સાધ્ય સધાય છે ત્યારે જ તે ઝંપે છે. પછી તે સાંસારિક કર્મને વિશે હો કે આધ્યાત્મિક કર્મને વિશે. પૂજ્ય શ્રીમોટાની સાધના પણ આ રીતેં જ થયેલી છે. એમ આ ચોપડીનાં લખાણો વાંચતાં સમજાય છે. માણસમાં ભાવ જાગૃત થતાં દિલ જાગે છે અને દિલ અંતરને સ્પર્શતાં શું થાય છે ?

**'જરીક જેટલો સ્પર્શ અંતરે દિલનો થતો,**
**કર્મ તે કરતાં ત્યારે કેવો આનંદ સ્ફુરતો !**
**કર્મકેરી દીવાલોને કુદાવા શક્તિ પ્રેરીને**
**-પ્રિછાવી કર્મનું હાર્દ કર્મ પાર કરાવશે.' (પૃ. ૧૨)**

આપણે ઉપર જોયું કે ભાવ જાગે છે એટલે દિલ જાગે છે અને દિલ જાગતાં માણસ કામ કરતો થાય છે. એ રીતે દિલથી કામ કરતાં કરતાં :

**'ખંત, ધીરજ, ઉત્સાહ, સાહસ, હામ સૌ ગુણો,**
**લાગણી, ભાવના, ભાવ જેમાંથી પ્રેરણા ફૂટે.'**

આમ, કર્મની એક ગૂંચ ઉકેલતાં, બીજી ગૂંચો ઉકલવા માંડે છે અને સાધક ધ્યેયની પ્રતિ આગેકૂચ કરે છે. આધ્યાત્મિક માર્ગમાં 'દિલ'ને મહત્ત્વનું ગણ્યું છે અને વાત પણ સાચી છે કે 'દિલ છે તો બધું છે અને દિલ નથી તો કંઈ નથી.' પૂજ્ય શ્રીમોટાએ દિલને બિરદાવતાં યોગ્ય જ લખ્યું છે કે :

**'દિલની વાત ન્યારી છે, દિલ જેમાં પ્રવેશશે,**
**તેના તે મર્મનું ઊંડું, સાચું જ્ઞાન કરાવશે,**
**તેવું તે જ્ઞાન તો કર્મે પાછું છતું કરાવીને,**
**ને ભગવાનનો ભાવ હૈયે અનુભવાવશે.' (પૃ. ૧૮)**

આમ, સાધનામાર્ગમાં દિલ કેવું ઉપયોગી છે તેની પૂજ્ય શ્રીમોટા, શ્રેયાર્થીને સારી સમજણ આપે છે, પરંતુ સાધનામાર્ગમાં માત્ર સમજણ અને દૃષ્ટિ કાંઈ કામમાં આવતાં નથી, પરંતુ તપ, ત્યાગ, બલિદાન, સહનશીલતા, ધીરજ, સાહસ, હિંમત આદિ ગુણો કેળવીને સતત અવિરતપણે જ્યારે શ્રેયાર્થી સાધના કરતો થાય છે ત્યારે જ એનો કંઈક પત્તો ખાય છે અને એમાં પણ કોઈક વાર :

**'હાથની મુઠ્ઠીમાં આવી ગયું, હોવા કદી છતાં**
**નાસી જતું શું લાગ્યું છે ! ગ્રહાયું તે ગ્રહાય ના,**
**ફરી ફરી થતાં હાર, નાસીપાસ થયો ન છું,**
**હામ ભીડી લીધેલી જે કર્મે શો વળગેલ હું !' (પૃ. ૩૪)**

આવા અનુભવો શ્રેયાર્થીને થતા હોય છે. આવી છે પૂજ્ય શ્રીમોટાની સાધનામાર્ગની વાતો. જેમને ભગવદ્પ્રાપ્તિ કરવી છે તેમને ઉદ્દેશીને પૂજ્ય શ્રીમોટા લખે છે કે :

**'છૂટવી દુન્યવી માયા મહામુશ્કેલ કેવી છે !**
**તે કાજે એકલો માત્ર ઉપાય ભક્તિમાર્ગ છે,**
**ભજતાં ભજતાં ભાવે જ્યાં એકાગ્ર થવાય છે,**
**સંપૂર્ણતા થતાં તેમાં માયાનો લય થાય છે.' (પૃ. ૫૩)**

સામાન્ય સંસારીઓ માટે માયા છોડવી મુશ્કેલ હોય છે. એટલા માટે માયા છોડવા સારુ એમણે ભક્તિનો માર્ગ સૂચવ્યો છે, પરંતુ

ભક્તિ લાગવી પણ એમ સહેલી નથી. આથી, ભક્તિ વિશે લાલબત્તી ધરતાં તેઓશ્રી લખે છે કે :

**'ભક્તિનો પંથ ના ટૂંકો, સ્હેલોસટ ન તે ભલા.' (પૃ. ૬૭)**

• • •

**'દલીલ, તર્ક, શંકા ના શમ્યાં સંપૂર્ણ જ્યાં સુધી,**
**ભક્તિનો રસ સંપૂર્ણ પાકો જામે ન ત્યાં સુધી.' (પૃ.૬૮)**

આમ, જેમને પ્રભુપંથે વળવું છે તેમને સામાન્ય જનને સમજાય એવી સરળ ભાષામાં પૂજ્યશ્રીએ માર્ગદર્શન કરાવ્યું છે.

અત્યારના આ આપદકાળમાં જ્યારે લોકોનાં દિલ સાંકડાં બન્યાં છે અને મન માંકડાં બન્યાં છે. ત્યારે સુખેથી રહેવાય એવી સ્થિતિ રહી નથી એને નાની નાની ખોલકીમાં સાંકડે માંકડે સૌ રહે છે એવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યાં શાંતિથી ભગવાનનું નામ કેવી રીતે લેવાય ? એટલા માટે જ પૂજ્ય શ્રીમોટાએ નડિયાદ, સુરતમાં એકાંતમાં સુખ અને શાંતિથી ભગવાનનું નામ લઈ શકાય તે માટે મૌનમંદિરોની સ્થાપના કરી છે. ભાવિ પેઢી હિંમતવાન, સાહસિક, સહનશીલ, નીડર, નિર્ભય થાય તે માટે તેમને તેવું પથ્ય વાંચન મળે તે માટે તેમણે યોજાનોઓ કરી છે. યુવાનોનાં શરીર સુદઢ બને તે માટે સ્નાનાગાર, દોડ, સમુદ્રતરણ સ્પર્ધાઓની યોજનાઓ કરી છે. કન્યાઓને તાલીમાર્થે 'મહાજન શક્તિદળ'ની યોજના કરી છે. આ ઉપરાંત લોકકલ્યાણાર્થે જીવનવિકાસલક્ષી અન્ય યોજનાઓ માટે પણ લાખો રૂપિયાનાં દાન તેમણે કર્યાં છે, જેથી કરીને સમાજ બેઠો થાય. 'મારે સમાજને બેઠો કરવો છે' એવું તેમનું જીવનસ્વપ્ન છે અને એ માટે તેઓ શરીરના ભોગે પણ સખત જહેમત ઉઠાવી રહ્યા છે. તેમણે ઉઠાવેલું કામ તેમના એકલાનું કામ નથી, પરંતુ આખા સમાજ માટેનું કામ છે. એટલે સમાજના સદ્ભાવી સુખી ગૃહસ્થો તેમને

ઉદાર હાથે નાણાં આપે એવી વિજ્ઞપ્તિ અસ્થાને નહિ ગણાય. પૂજ્યશ્રીને અત્યાર સુધીમાં જે કાંઈ નાણાં મળેલાં છે તે તથા તેમનાં પુસ્તકોમાંથી થતી બધી આવક તેમણે લોકભલાઈ માટે સમાજને ચરણે ધરી છે. એટલે એમની ઝોળી છલકાવી દેવી એ હવે સમાજની ફરજ થઈ પડે છે. ગોકુળનાં પ્રત્યેક જનની સહાયથી કૃષ્ણ ભગવાને ગોવર્ધન તોળ્યો હતો. એ વાત જો સમાજ લક્ષમાં લે અને સમાજના દરેક જણ લોકભલાઈને માટે કંઈ ને કંઈ દાન આપે તો લોકભલાઈનું કેવું ભગીરથ કાર્ય થાય ? પૂજ્ય શ્રીમોટાને તેમના જીવનસ્વપ્ન-સમાજને બેઠો કરવા માટે તેમની મનવાંછિત રકમ તેમને મળો એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. તેમણે અમને તેમના કાર્યમાં નિમિત્ત બનાવી આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં સાંકળ્યાં છે, તે માટે અમે તેમના ઘણા ઋણી છીએ. પરમાત્મા તેમને દીર્ઘાયુ બક્ષો અને તેમના હાથે લોકભલાઈનાં અનેક કાર્યો થાય એવી હૃદયની સદ્‌ભાવના સાથે આ ‘ભાવહર્ષા’ પુસ્તક વાચકોને સમર્પિત કરીએ છીએ.

અમદાવાદ,
તા. ૧૫-૨-૧૯૭૫

**બચુભાઈ ઉર્ફે**
**લક્ષ્મણભાઈ આર. ગાંધી**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

આ પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાએ તેમણે કરેલી સાધનાના ભાવ-મૌક્તિકો આલેખેલાં છે, જે વાંચતાં સાધનામાં જેમને રસ છે એવા જિજ્ઞાસુ શ્રેયાર્થીને સાધના વિશેના અણસારા જાણવા સમજવા મળશે, જે તેમને તેમની સાધનામાં પ્રેરણારૂપ થશે એવી આશા છે.

આ પુસ્તકની ખૂબી તો એ છે કે પૂજ્યશ્રીએ તેમની સાધના કરતાં કરતાં અનેક પ્રકારનાં જે વિઘ્નો આવ્યાં તે પ્રત્યે તેમણે રચનાત્મક વલણ દાખવીને મળેલી સમજણ અને શક્તિને સાધનામાં ગતિ મળે તે માટે મદદમાં લીધાં અને સદ્‌વૃત્તિઓને કામે લગાડી તથા દુર્વૃત્તિઓથી મુક્ત થતા ગયા અને એ રીતે એમણે સાધનાનું જોમ ટકાવી રાખ્યું. તેઓ થાક્યા, હાર્યા તો ક્યાંક પાછા પણ પડ્યા છે, તેમ છતાં સાધનાને દૃષ્ટિસમીપ રાખીને પોતાની આગેકૂચ અટકાવી કે થંભાવી દીધી નથી. નિરાશા આવી તો તે ખંખેરીને તેઓ આગળ વધ્યા છે. મુશ્કેલીઓને તેમણે ગણકારી નથી. ઉત્સાહ ઓસરી ગયો છે તે વેળાએ તેઓ માથે હાથ રાખી બેસી રહ્યા નથી, પણ ઉત્સાહ કેમ મળે તે માટે જાગૃત બનીને સાધના જારી રાખી છે. આ અને આવી ઘણી ઘણી બાબતો વાચકને આ પુસ્તકમાંથી જાણવા મળશે. આમ, આ પુસ્તક શ્રેયાર્થીને માટે ઊઠ, જાગ અને ધ્યેયને પહોંચી વળ, લક્ષી બનશે તો પૂજ્યશ્રીએ લીધેલી મહેનત યથાર્થ થશે.

હાલમાં પૂજ્યશ્રીની તબિયત જોઈએ તેવી સ્વસ્થ નથી. જેથી, લોકોને તેઓ મળતા કરતા નથી, પરંતુ લોકભલાઈનું ચિંતન તો એમના દિલમાં હજી જેવું ને તેવું ચાલુ જ છે. સમાજને બેઠો કરવાનું સ્વપ્ન તેમનાથી ભુલાતું નથી, પરંતુ શરીરની નબળી સ્થિતિને કારણે તેઓ આવાં કાર્યો માટે નાણાં મેળવવા સમાજ પાસે જઈ શકતા

નથી. જેથી, આ કાર્ય તેમના ચાહકોને સુપરત કર્યું છે. તો દાનવીર સજ્જનો તેમના કાર્યનું મહત્ત્વ સમજીને તેમનાં લોક-ભલાઈનાં કાર્યો માટે નાણાં આપે એવી વિજ્ઞપ્તિ છે. આશા છે કે તેમની આ વિજ્ઞપ્તિ લોકો લક્ષમાં લેશે.

પૂજ્યશ્રીના સાહિત્યના વેચાણમાંથી ઉપાર્જન થતાં નાણાં પણ લોકભલાઈનાં કાર્યોમાં જ વપરાતાં હોય છે તે લક્ષમાં લઈને સમાજઉન્નતિમાં રસ ધરાવતાં તથા પૂજ્યશ્રીના સાહિત્ય પ્રતિ આદર ધરાવતાં ભાઈબહેનો તેમનું સાહિત્ય ખરીદી-ખરીદાવીને મદદકર્તા થશે તો તે પણ પૂજ્યશ્રીના કાર્યને મદદ કરી જ ગણાશે.

આ પુસ્તક પ્રકાશનનું તમામ ખર્ચ અજ્ઞાત રહેવા ઈચ્છતા એક સદ્‌ભાવી સજ્જને આપ્યું છે, તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. હમણાં હમણાં જ તેઓ પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યા છે અને પૂજ્યશ્રીથી પૂર્વપરિચિત ન હોવા છતાં આ પુસ્તક છપામણીનું બધું ખર્ચ તેમણે આપ્યું છે, એ તેમનો ભાવ સૂચવે છે. સત્કાર્યોમાં અપાતાં નાણાંનો બદલો શ્રીહરિ સૌને આપે છે. પ્રભુ તેમને બરકત આપે એ પ્રાર્થના.

પૂજ્યશ્રીનાં પુસ્તકોને સુયોગ્ય રીતે છાપીને સુંદર ગેટઅપમાં રજૂ કરવાનું માન મે. એલિમ્બિક પ્રેસ, વડોદરાને જાય છે. તેમનો ઉત્સાહ અને કાળજી પ્રશંસાને પાત્ર છે અને તેમનો આભાર માનતાં આનંદ થાય છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ<br>
તા. ૨૧-૨-૧૯૭૫

**નંદુભાઈ**<br>
મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# 'શ્રીહરિકીર્તનનો પ્રસાદ'

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યપુસ્તકોમાં આ પાંચ પુસ્તકો★ અનોખા છે. 'જીવનઅનુભવગીત' તથા એ શ્રેણીનાં પુસ્તકોમાં તેઓશ્રીએ ગઝલરૂપમાં પોતાના સાધનામય જીવનનો ઈતિહાસ વ્યક્ત કર્યો છે. જ્યારે આ પુસ્તકોમાં પોતે કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર આપ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનની સાધના દરમિયાન અનેક સાધનોનો ઉપયોગ કરેલો. એમાંથી તેઓશ્રીએ માત્ર નામસ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, સત્સંગ, સન્મુખતા વગેરે જેવાં સાધનો વિશે લખ્યું છે. એ સિવાયનાં સાધનો વિશે ઉલ્લેખ પણ કર્યો નથી. એ સાધનો વિશે ગુપ્તતા રાખવા પાછળનો હેતુ કલ્યાણકારી જ હતો, કેમ કે તેઓશ્રી પરમાત્મરૂપ પામ્યા પછી સંસારમાં સંસારી વેશે વિચર્યા તથા એ રીતે વ્યક્ત થયા. સંસારી રીતરસમમાં જીવતા લોકો પાત્રતા કેળવ્યા વિના ગૂઢ કે સૂક્ષ્મ સાધનનો જો પ્રયોગ પણ કરે તો એવી વ્યક્તિનાં અંતઃકરણોને ભારે નુકસાન પહોંચે. આ નુકસાનમાંથી ઉગારવા જ તેઓશ્રીએ એવાં સાધનો વિશે કશું પણ લખ્યું નથી, પણ જે સાધનો દર્શાવ્યાં છે એ સાધનોનો ભાવનાથી અભ્યાસ કરીને જો જીવાત્મા વિકસતો જાય તો તેને અન્ય જરૂરી સાધનોની પ્રેરણા મળ્યાં જ કરે એવી ખાતરી પણ તેઓશ્રીએ આપી છે.

આ પુસ્તકોમાં અનુષ્ટુપ છંદમાં પોતાનો અનુભવ ટૂંકમાં અને સચોટ રીતે રજૂ કર્યો છે. આ પાંચેય પુસ્તકોમાં ૪, ૬ કે ૮ લીટીમાં વ્યક્ત થયેલા અનુભવના અણસારને તેઓશ્રીએ શ્રીહરિકીર્તનના પ્રસાદરૂપે ઓળખાવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ ખૂબ સૂચક રીતે માર્મિક રીતે પોતાના પરમ અનુભવની હકીકત આ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. ભગવાનની કીર્તિ ગાવી એનું નામ કીર્તન. જેણે ભગવાનનો

---

★'ભાવકણિકા', 'ભાવજ્યોતિ', 'ભાવહર્ષા', 'ભાવરેણુ' અને 'ભાવપુષ્પ'

અનુભવ કર્યો હોય અને 'પોતે' સ્વરૂપે શ્રીહરિના ગુણધર્મોને સહજ રીતે વ્યક્ત થવા દેતા હોય એવા જ કોક 'વિરલા વીર' આવું હરિકીર્તન કરી શકે. આવું હરિકીર્તન આ પુસ્તકોમાં વ્યક્ત થયું છે. 'પોતે' હરિરૂપ છે. છતાં તે પોતાના 'સ્વ' રૂપનું કીર્તન કરે છે -એ લાક્ષણિકતાનો અનુભવ આપણને-વાચકને થયા જ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકોમાં શબ્દ દ્વારા વ્યક્ત થયેલા આવા કીર્તનભાવનો પ્રસાદ આપણને સૌને વહેંચ્યો છે. પ્રસાદ એટલે આનંદ. તેઓશ્રીના હૃદયમાં પૂર્ણરૂપે પ્રગટેલ પરમાત્માના આનંદરૂપના ઊછળતા ઉદધિના અનંત જળરાશિમાંથી થતો આ માત્ર છંટકાવ છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા આ પુસ્તકોમાં જે શબ્દો પ્રગટ થયા છે એ 'હરિવાણી' છે, કેમ કે એ મનના વિચારોમાંથી કે ચિત્તની કલ્પનાશક્તિથી વ્યક્ત થયેલા નથી, પરંતુ પોતાના હૃદયમાં પ્રગટેલા અનુભવને વ્યક્ત કરતી શબ્દરૂપ પામતી વાણી છે. એનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે આ બધી જ રચનાઓ પૂજ્ય શ્રીમોટાના શરીરના અનેક રોગોની વેદનાકારી સ્થિતિમાં વ્યક્ત થઈ છે. આટલી ભૂમિકાનો વિચાર કરવાથી આ વાણીનું મૂલ્ય આપણે સમજી શકીશું. આ પાંચેય ગ્રંથોમાંનું પ્રત્યેક પુસ્તક મનનીય-ચિંતનીય છે. માત્ર એક જ બેઠકે વાંચી જવા માટે આ પુસ્તકો નથી. એ શબ્દોના હાર્દમાં મનનચિંતવન દ્વારા પ્રવેશવાથી જિજ્ઞાસુની મતિમાં પરમાત્માનો પ્રકાશ અનુભવાય છે અને એ સાથે પૂજ્ય શ્રીમોટાના પરમાત્મરૂપ સાથે તત્ક્ષણ એકરૂપતા સધાય છે. તેઓશ્રીના દેહત્યાગ પૂર્વેનાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલી આ રચનાઓનું અનેક વખત પરિશીલન કરતાં અનુભવેલી હકીકત છે. વીસ વર્ષ પછી નવી આવૃત્તિ માટે પરામર્શ કરતાં પણ નૂતન અર્થબોધ પામી શકાયો છે.

આ પાંચેય પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ એ પૂજ્ય શ્રીમોટાના વિપુલ આધ્યાત્મિક સાહિત્યનાં પ્રકાશનોમાં નિર્માણની-સજાવટની-દૃષ્ટિએ પણ અનોખી હતી. ક્રાઉન સાઇઝમાં, હાથ બનાવટના ઊંચી ગુણવત્તાવાળા કાગળો ઉપર ખાસ પ્રકારની

સાઈઝવાળા ટાઈપમાં લીલી શાહીથી આ પુસ્તકો છપાયેલાં હતાં. દરેક પાના ઉપર માત્ર એક જ કડી હતી. આ આવૃત્તિમાં એક પાના ઉપર ત્રણ કડીઓ સમાવી છે. અને ૧૬ પેજી ક્રાઉન સાઈઝ પસંદ કરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી પડતર કરતાં પણ ઓછી કિંમતે બહોળા જનસમાજ સુધી પહોંચે એવા આશયથી પુસ્તક નિર્માણમાં આટલો ફેરફાર કર્યો છે.

બે દાયકા પછી પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના પદ્યગ્રંથોનું પુનર્મુદ્રણ આજની પેઢી માટે તો તદ્દન નવું જ બની રહેવાનું. પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે 'આ પ્રકારની ચોપડીઓનું મૂલ્ય તો હવે પછીનાં પચીસ વર્ષ પછી થશે !'

સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા આજની પેઢી માટે જે મૂલ્યવાન સામગ્રી પ્રગટ કરવાના નિમિત્ત બન્યા છે એ બદલ એમને ધન્યવાદ ઘટે છે. આ બંને યુવાન ભાઈઓની પૂજ્ય શ્રીમોટાની સેવા કરવાની તત્પરતા હું સતત અનુભવું છું. જે ઉત્સાહ, ઉમંગ અને ખંતથી મારા સદ્ગત મિત્ર વિષ્ણુભાઈ, પારમાર્થિક કામ કરતા હતા, એ જ રીતે આ બંને ભાઈઓ કામ કરી રહ્યા છે, એ જોઈને હું ગર્વ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાના કામને, પોતાના વ્યવસાયના ઘણા દબાણ વચ્ચે પણ, અગ્રતા આપવાની એમની તત્પરતામાં જ એમનો ભક્તિભાવ મેં પ્રમાણ્યો છે. પૂજ્ય શ્રીમોટાનું જન્મશતાબ્દી વર્ષ ૧૯૯૮ના સપ્ટેમ્બરથી શરૂ થશે. એ પહેલાં તેઓશ્રીનું અલૌકિક પદ્યસાહિત્ય પુનર્મુદ્રણ પામવાનું છે. એ કાર્યના શ્રીગણેશ સાહિત્ય મુદ્રણાલયના આ કાર્યથી થાય છે એ આનંદદાયક ઘટના છે.

હરિઃૐ આશ્રમો (નડિયાદ, સુરત)ના ટ્રસ્ટીઓ પૂજ્ય શ્રીમોટાના ગ્રંથપ્રકાશનના કાર્યમાં મને સામેલ કરે છે એ બદલ એમનો આભારી છું.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૨૧-૪-૧૯૯૩ (રામનવમી)

॥ હરિઃૐ ॥

# અમારે કહેવાનું કે-

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પાંચ પુસ્તકોની શ્રેણીનું નવા સ્વરૂપે પુનર્મુદ્રણ કરી આપવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, એ પ્રસંગે અમે કૃતજ્ઞતાની અને ધન્યતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આમ તો દર વર્ષે પૂજ્ય શ્રીમોટાનું એકાદ દળદાર પુસ્તક છાપી આપવાની પ્રવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય તરફથી છેલ્લાં વીસ વર્ષથી થાય છે. અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ, પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારથી (૧૯૬૮) આજ સુધી પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિનો અમને અમારા કાર્યમાં તથા એના પરિણામમાં પરિચય મળતો રહ્યો છે. સાહિત્ય મુદ્રણાલયની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં જે આકરી પરિસ્થિતિ અને સંજોગોમાંથી અમારા પરિવારને તથા સાહિત્ય મુદ્રણાલયને પસાર થવાનું થયેલું એવી જ પળે અમને પૂજ્ય શ્રીમોટાનો સહારો પ્રાપ્ત થયેલો. સાહિત્ય મુદ્રણાલય દ્વારા અમારા પિતા જે અવિરત પરિશ્રમમાં, ઉદ્યમમાં રહેતા હતા તથા અમારાં સદ્‌ગત માતુશ્રી ભગવતીબહેન પણ પિતાના ખંત ઉદ્યમને વેગ આપવા-પરિવારની જવાબદારી સંભાળવા-જે અથાગ મહેનત કરતાં હતાં એનું પણ આ પળે સ્મરણ થાય છે. સદ્‌ગત ભગવતીબહેનના જીવનની કટોકટીભરી અંતિમ ક્ષણોમાં પૂજ્ય શ્રીમોટાએ જાતે વા. સા. હૉસ્પિટલમાં પધારીને એમનાં મસ્તક પાસે ગુલાબનાં ફૂલો મૂકેલાં-એ ઘટના પણ અવિસ્મરણીય છે. અમારા પરિવારનો ઉત્કર્ષ તથા અમારા વ્યવસાયનો વિકાસ એ પૂજ્ય શ્રીમોટાની પરમ કરુણાને લીધે છે, એનું અમને સ્મરણ રહ્યાં કરે છે, એ અમારા જીવનની ધન્યતા છે.

સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચ પુસ્તકોની શ્રેણીનું પ્રકાશન એ તો અમારા દ્વારા તેઓશ્રીના ચરણકમળની આ પંચપાત્ર દ્વારા થતી પૂજનવિધિનો એક પ્રકાર અમે સમજીએ છીએ. તેઓશ્રીએ પ્રત્યક્ષ રીતે અમારા વ્યવસાયના વિકાસમાં જે રસ લીધેલો તથા આજે પણ તેઓશ્રી ચેતનરૂપે અમારા કાર્યમાં પ્રેરણા આપે છે. એમના પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાની આ તો એક પ્રતીકાત્મક પુષ્પાંજલિ છે.

પાંચ વર્ષ પછી પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દીનું વર્ષ આવી રહ્યું છે. આ પહેલાં પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને વ્યક્ત કરતાં પદ્યપુસ્તકોનું પ્રકાશન થઈ જાય એવી ભાવના મુ. રમેશભાઈએ અમારી સમક્ષ વ્યક્ત કરી અને આ શ્રેણીનાં પાંચ પુસ્તકોથી એનો આરંભ થાય એવું સૂચન કર્યું. હરિઃૐ આશ્રમે આ શ્રેણીનાં પ્રકાશનનો આરંભ કરવાની અમને તક આપી એ બદલ અમે એમના આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયમાં અમારા સદ્ગત પિતાશ્રી વિષ્ણુભાઈએ જે ઊજળી પરંપરા ઊભી કરી છે એને અમારાથી અનુસરી શકાય છે, એ જ તેઓશ્રીનું તર્પણ છે એમ અમે સમજીએ છીએ. એવી પરંપરાના એક ભાગરૂપે પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો પૈકી આ પંચપાત્રના નવનિર્માણને તેઓશ્રીના ચરણે સમર્પિત કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

અમદાવાદ,
તા. ૨૧-૪-૧૯૯૩

**શ્રેયસ વિ. પંડ્યા**
**યજ્ઞેશ વિ. પંડ્યા**
**હિમાદ્રી વિ. પંડ્યા**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવહર્ષા' તથા આ જ શ્રેણીનાં બીજાં ચાર પુસ્તકો એમ કુલ પાંચ પુસ્તકોનું પુનર્મુદ્રણ પ્રગટ કરતાં આનંદ થાય છે. આ પ્રકારનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાના પરમાત્માનુભવનું હાર્દ સૂચિત હોવાથી એનું ઘણું મૂલ્ય છે.

આ પુસ્તકોની આ નવી આવૃત્તિના પરામર્શક તરીકે ડૉ. રમેશભાઈ ભટ્ટે અમને સહાય કરી છે. પહેલી આવૃત્તિના પ્રકાશનમાં જ્યાં જ્યાં મુદ્રણદોષો હતા એ સુધાર્યા છે અને પાઠ (Text)ને વધુ આધારભૂત બનાવ્યા છે. અમે રમેશભાઈનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચેય પુસ્તકો સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપ્યાં છે. આ બંને યુવાન સંચાલકોએ એમના સદ્ગત પિતાશ્રી વિષ્ણુભાઈ પંડ્યાની ઉજ્જ્વળ પરંપરાને જાળવી રાખીને, પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પરત્વે અવિરત ભાવ વ્યક્ત કર્યા કર્યો છે. એમના માટે આભારના શબ્દો તો ઓછા પડે. અમે એમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં ચાહકોને તથા સ્વજનોને અમારી નમ્ર વિનંતી છે કે આવાં પુસ્તકો તેઓ ખરીદીને વાંચે તથા અન્ય મિત્રોને ખરીદવા પ્રેરે. પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્થાપિત કરેલી ભાવના પ્રમાણે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક લોકકલ્યાણનાં કામોમાં જ વપરાય છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **સી. ડી. શાહ**
તા. ૨૧-૪-૧૯૯૩ — વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત **'ભાવહર્ષા'**ની પ્રથમ આવૃત્તિનું સને ૧૯૭૪માં અને બીજી આવૃત્તિનું સને ૧૯૯૩માં પ્રકાશન થયું હતું. આ પુસ્તકની પ્રતો હાલ અપ્રાપ્ય હોઈ, આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સ્વજનોને ઉપલબ્ધ કરી આપતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આ આવૃત્તિના પ્રકાશનમાં શ્રી દલસુખભાઈ પ્રેમજીભાઈ કોઠડિયા, તેમના આકસ્મિક અવસાન પામનાર સન્મિત્રની બચતની રકમ દ્વારા નિમિત્ત થઈ રહ્યા હોઈ, તેમના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ સેવાભાવે કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇન શ્રી મયૂરભાઈ જાનીએ પ્રેમભાવે કરી આપી છે. આ પુસ્તકને છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ પંડ્યાએ સેવાભાવથી કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ અમો તે સૌના ઘણા ઘણા આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ જ આ આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી અમોને આશા છે.

તા. ૧૪-૧-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ,**
(મકરસંક્રાંતિ) હરિઃૐ આશ્રમ, સુરત

# ભાવહર્ષા

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨ **- શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ ૧ : સંસારસાધના

(અનુષ્ટુપ)

વિવિધ રીતનું દુઃખ સંસારે તો મળેલ છે,
દબાઈ ના ગયો તેથી એ તો મોટી કૃપા શી તે !
ગરીબને દબાવે છે સંસારમાં બધી રીતે,
હરિનો આશરો તેથી કૃપાથી મેં લીધેલ છે.

અપમાનો સહેલાં છે શી અવહેલના થઈ !
ભક્તિના પ્રેમ આસ્વાદે તેનું લાગ્યું કશું ન છે;
ઊલટું તેથી તો કેવું હરિમાં ચોંટ્યું ચિત્ત છે !
એ ઉપકાર શો મોટો શ્રીહરિનો ખરો મને !

□

શી અવહેલના જુદી જુદી રીતે સહેલ છે !
ઓછું તેથી ન આણ્યું છે, માઠું કૈં ના લગાડ્યું છે;
હું તો શો ધૂનમાં મારી ચાલતો ફરતો હતો !
કોઈનું લક્ષમાં લેવા ફુરસદ મને ન તો.

□

ગરીબી કારમી કેવી વેઠાઈ છે ખરેખરી !
ગરીબી-ભાવનું તેથી થયું કેળવવું ચહી;
'ગરીબીમાં અમીરી છે,' એવું અનુભવેલ છે,
દાંડી પીટી પીટી હું તો સર્વને કથું લક્ષ લો.

ગરીબી હતી તેથી તો ઉપર આવવાતણું
-જોમ કેવું હતું તેની જાણ આજે હજીય છે !
ઉત્સાહ કેટલો મોટો દરજ્જે આવીને ઊંચે
-હામ દર્શાવવા ભીડી, ગરીબની શી શક્તિ તે !

□

લડાઈ, ઝઘડો કોઈ અમારે કોઈ સાથ ના,
ટંટો ફિસાદ કોઈની સાથ છે કોઈ રીત ના;
અમે પૂરા અમારા તે મસ્ત લીધેલ કર્મમાં,
આબરૂ રાખવાવાળો ગર્જંતો શિર છે સદા.

□

બીજાંને કરી મોટાભા ચાલ્યો જીવનમાં સદા,
નાનામાં સાવ નાનો થૈ વર્ત્યો છું ધરી નમ્રતા;
સાચું હોવા છતાં મારું તેને મહત્ત્વ ના દીધું,
લઘુતાગ્રંથિમાં તેથી સપડાયો છતાં ન હું.

સમાધાન ન સંસારે યોગ્ય રીતે કરી શક્યો,
ફાવી શક્યો ન તેથી તો હું વ્યવહારમાં કશો;
પડ્યું છે હારવું જ્યાં ત્યાં, નિરાશા સાંપડી મને,
એવી મારી દશા વચ્ચે હરિ વરવું થયેલ છે.

□

અમીરાઈ ગરીબીમાં, કૃપાથી જે મળેલી છે,
છતાં ત્યારે અહંકેરો હ્દે રણકો જરા ન છે;
નમ્રતાની પૂરી ખૂબી, ખુશાલી ખીલતી જ જે,
જીવનને બહેલાવી ઉદ્યાન શું કરી જ દે.

□

અનેક જાતના લોકો, અનેક શા સ્વભાવના !
ના પરસ્પરમાં મેળ, ભેદ નર્યા વર્તાય ત્યાં;
વિવિધતા, વિચિત્રતા નરી દેખાય તે છતાં
-મૂળમાં સર્વ તે એક રંગાયેલાં હરિરસે.

ઊંધા સાવ ચઢેલા જે છેક ગબડી ગયેલ છે,
તોયે ભાન તેનું તો હજી એને થયું ન છે;
પાછા તેવા ચઢે કેવા ઊંધા જ્ઞાનના સ્થળે !
કો એવા ભાગ્યશાળી શા ઈશ્વરભક્ત ધન્ય છે.

□

હરિ:ૐ

# ખંડ ૨ : ગરજ

(અનુષ્ટુપ)

પોતાની જ પ્રમાણેનું એકધારી રીતે સદા,
એકનિષ્ઠાથી સંપૂર્ણ કર્મમાં વર્તતો તદા;
યદ્વાતદ્વા ન ક્યાંયેયે એની તે દૃષ્ટિ જાય છે,
એવી ગરજ, આચાર્ય, આચાર્યપદથી ચઢે.

ગરજ લાગેલ છે જેને નિરાંતે સૂઈ ના શકે,
સતત શું મથ્યા વિના રે'વાય ના કદીય તે !
એકધારું જ ચોંટેલું એનું નિશાન હોય છે,
નજર આડીતેડી ના એની કદીય જાય છે.

□

તલપાપડ ધંધામાં ઊંડી ગરજ કેવી છે !
પરખાયા વિના ના ર્‌હે પ્રત્યક્ષ એવી આપ છે;
પ્રભુની શક્તિરૂપે તે પોતે શક્તિસ્વરૂપ છે,
એકને એકમાં પ્રોવી રાખે આનંદથી જ તે.

□

પરમ ભાગ્યથી કેવી જિજ્ઞાસા મેળવાઈ છે !
ગરજમાંથી જિજ્ઞાસા આપમેળે ફૂટેલ છે;
ગરજમાં શી એકાગ્ર મનની ગતિ થાય છે !
મન બંધાયેલું ખીલે આપોઆપ રહ્યાં કરે.

જ્વાળામુખી સમી એવી ગરજ કેવી હોય છે !
જેમાં ગરજ લાગેલી તેમાં તે વળગી રહે;
એકને એક શા ભાવે ચોંટી ર્હેવાય છે હ્રદે,
ગરજ હોય જો ના તો કૈં કશું થાય ના જગે,

□

આધ્યાત્મિકની ઊંડી જે લાગી ગરજ હોય છે,
બેઠાડુ થઈને ખાલી અમસ્તો બેસી ના રહે;
જેને ગરજ લાગેલી મનાદિને પરોવશે,
એકાગ્ર તે કરાવીને કર્મે કેંદ્રિત તો થશે.

□

મેં ગરજથી માંડેલો સંસાર કૈં ન તે ફળ્યો,
ધ્યેયના હેતુનું લક્ષ રખાયું, તે છતાં વળ્યો
-ના સાર હેતુનો, ઠંડો અંતરે પાડી શો દીધો !
દીવો હેતુતણો તોયે બળતો રાખવા મથ્યો.

જેને ગરજ લાગી છે, તેનાં લક્ષણ ઑર છે,
વર્તાય કર્મથી પોતે, કર્મ એની કસોટી છે;
ઉતાર્યા વિણ ના ર્‌હે તે કર્મમાં કોઈ દી ખરે,
કર્મ એની કસોટી છે, એરણરૂપ કર્મ તે.

□

ગરજ પરખાયા તે વિના ના ર્‌હે કદાપિ તે,
ગરજ કેવી પ્રત્યક્ષ જણાય વાણી, કર્મથી !
ગરજભૂમિકા જુદી, પ્રત્યક્ષ પરખાય તે,
છૂપી કદી રહે છે ના, ગમે તે કરતાંય તે.

□

વર્તાય એવું પ્રત્યક્ષ ગરજ કર્મનું દીસે,
એને ઓળખવા ના કૈં જવું પડે કહીં કશે;
આગવી રીતથી પોતે પોતાનો માર્ગ શોધી લે,
પૂરું કર્યા વિના જંપે ગરજ ના કદાપિયે.

કેમેય કર્યું તો એને રોકી રાખી શકાય ના,
ચોદિશે ભમવું જેનો સ્વચ્છંદી વ્યવહાર શો !
શ્રીહરિપદમાં એને હેરવવા ચહ્યાં કર્યું,
વારંવાર પદે એને ઠેરવવા મથ્યાં કર્યું.

□

હરિ:ૐ

## ખંડ ૩ : એનું જ નામ દિલ છે

(અનુષ્ટુપ)

દિલના ભાવની વાત કહી શકાતી છે નહીં,
ભાવની લક્ષણા મૌનશક્તિ તે મૌનની જ શી !
ઊછળી ઊછળી કેવાં મોજાં આનંદનાં બધે
-ફરી શાં વળતાં જ્યાં ત્યાં, એને કદી ન ઓટ છે.

દિલનું ભાવસામર્થ્ય જોતરાયેલ કર્મ જો,
એનું નિશાન તાકેલું હોય છે એકધારું તો;
ભૂલથાપ કદી થાય જવાતાં ચેતી વાર ના,
કેવો દોડે પછીથી તે રાખીને હેતુ દિલમાં !
ઊડે

□

જરીક જેટલો સ્પર્શ અંતરે દિલનો થતો,
કર્મ તે કરતાં ત્યારે કેવો આનંદ સ્ફુરતો !
કર્મકેરી દીવાલોને કુદાવા શક્તિ પ્રેરીને
પ્રિછાવી કર્મનું હાર્દ, કર્મ પાર કરાવશે.

□

શા એક પછી એક દાવ ને પેંતરા બધા,
ને કર્મના ઊંડા ભેદ બતાવે વ્યવહારમાં !
દિલનો ભાવ સંપૂર્ણ જીવને અવતારવા
-થતો બધો પુરુષાર્થ મેં શો કર્યાં કરેલ છે !

અંતરે ઊતરાવીને દિલ કેવું પ્રવેશશે !
દિલ તો જાણી લેવાનું કરી તે લેતું હોય છે;
જેમાં સંપૂર્ણ છે દિલ મથાવીને મથાવીને,
તેનો તોડ બધો કાઢી દિલ કેવું બતાવશે !

□

દિલ તો પરખાવે છે સ્પષ્ટમાં સ્પષ્ટ તો બધું,
દિલ પ્રગટાવવા પૂર્ણ ભાવના, ચિંત્વને ઊંડું
-અવતરી, પુરુષાર્થે કદીક મૃત્યુ વ્હોરીને,
ત્યારે જ હાથમાં આવે જે મોંઘામૂલું દિલ તો.

□

જાણવું જુદું જુદું છે, માનવું જુદું હોય છે,
મ્હાલવું સર્વથી ન્યારું, દિલ જ્યાં પરખાય છે;
મ્હાલતાં મ્હાલતાં પાછું ત્યાં તટસ્થતા શી છે !
ત્યારે જ મ્હાલવાથી શા જુદા રહી શકાય છે !

જાગેલું દિલ પૂરું તો પ્રમાદ કાઢી નાખશે,
ઘડીય નવરા સૂહેજે દેશે ના બેસવા પથે;
જોતરે જોતરાવીને ચલાવ્યાં શા કરાવશે !
ને એમ અંત લાવીને સંપૂર્ણતા શી પ્રેરશે !

□

જાગેલું દિલ તો ઑર જ્ઞાનભાન સ્ફુરાવશે,
સ્ફુરાવી તે ન બેસી રૂહે કર્મે પ્રેરાવશે હૃદે;
એકને એકમાં ક્યાંયે જકડાવી ન મારશે,
જુદા જુદા પ્રદેશોને સર પોતે કરાવશે.

□

જાગેલા દિલની કેવી ચમત્કારિક છે દશા !
અનુભવી વિના કો ના એને જાણી શકે કદા;
જીવન પલટાવે છે પડદા ઊંચકાવીને,
અદ્ભુત દેશમાં દિલ જીવન લઈ જાય છે.

ઊંડામાં ઊંડી ગુફામાં જ્યાં અંધારું ઘોર છે,
જાગેલું દિલ તેમાંથી તે બહાર કઢાવશે;
દિલ અટકી ના ક્યાંયે એમનું એમ ર્હે પડી,
મથ્યાં શો કરવાનો છે સ્વભાવ દિલનો વળી !

□

દિલ દિલ બક્યે ખાલી દિન ના મેળવાય છે,
તપ ને ત્યાગ, વૈરાગ્યે દિલ તો મેળવાય છે;
દિલ મળ્યા પછીનો તો જે પુરુષાર્થ થાય છે,
અનેરા પ્રાણ તેમાં શા ! જોમ તેનું ખૂટે ન છે.

□

બકે બકે ‘દિલ’ ખાલી ‘દિલ’ ના મેળવાતું છે,
જિજ્ઞાસા મૂળમાં એની અગ્નિના જેવી જોઈશે;
પુરુષાર્થ કરાવીને દિલ તો પ્રેરણાપથે
-પ્રેરાવી અંતરે ઊંડા દિવ્ય પંથે લઈ જશે.

ખંત, ધીરજ, ઉત્સાહ, સાહસ, હામ, સૌ ગુણો,
લાગણી, ભાવના, ભાવ, જેમાંથી પ્રેરણા ફૂટે;
ચિંત્વને જે ઉરાડે છે આકાશગામી ઊર્ધ્વમાં,
એવું જે તત્ત્વ આધારે, તેનું જ નામ દિલ છે.

□

દિલ વિનાનું જે કર્મ, તે કર્મે દમ ના કશા,
ઊંડું સંપૂર્ણ જે કર્મે છે ઓતપ્રોત દિલ જ્યાં;
જીવને ફેરફારો શા ચમત્કારિક અદ્‌ભુત
-કેવા કેવાય સર્જાવે ! જાણે જે ભક્ત દિલનો.

□

દિલ જેવું મથાવે છે તેવું કો ન મથાવશે,
જાગવા દિલ તેથી શો પુરુષાર્થ થયેલ છે !
કૃપા તે હરિની કેવી ભજતાં ભજતાં મળી !
તેથી હાથે ચઢી આવ્યું દિલ સોહામણું વળી.

દિલ જેમાં સ્ફુરેલું છે તે તો ઘાટ નવા નવા
-ઘડે જીવનના ઑર, અદ્‌ભુત કોઈ ઢંગના;
પ્રેરણા ઊર્ધ્વ ને ઊર્ધ્વ ક્યાંની ક્યાંય ચગાવીને,
આત્માના શૂન્યના ગૂઢ પ્રદેશે તે ઉરાડશે.

□

દિલનાયે પ્રદેશો છે એકથી એક શા નવા !
નવા નવા પ્રદેશોનું જ્ઞાન તે છે જુદું ત્યહાં;
દિલ જ્યાં છે પ્રવેશેલું ઊંડું ઊંડું ઉતારશે,
ઉતારીને ચઢાવે છે ઊર્ધ્વમાં ઊર્ધ્વ જીવને.

□

કેવો પ્રવેશવાનો છે સ્વભાવ દિલનો ઊંડે !
વસ્તુનું મર્મ સંપૂર્ણ જાણવાનો પ્રયત્ન છે;
સંપૂર્ણ જાણી તેને તો કેમે કરી શકાય ના,
જાણ્યાથી કૈંક એનો તો નશો આકર્ષક અહા !

દિલની વેદનાકેરી વાત કહી શકાય ના,
ને સહેવાય ના એને એવી કારમી વેદના;
તે સોંસરવી સંપૂર્ણ શી આરપાર નીકળે !
ને રહેવાય કો રીતે, વેદના શી અકથ્ય તે !

□

દિલની વાત ન્યારી છે, દિલ જેમાં પ્રવેશશે,
તેના તે મર્મનું ઊંડું સાચું જ્ઞાન કરાવશે;
તેવું તે જ્ઞાન તો કર્મે પાછું છતું કરાવીને,
ને ભગવાનનો ભાવ હૈયે અનુભવાવશે.

□

'મારી મચડીને દિલ કદી કશા વિશે ઊંડું
-પ્રવેશી ના શકે છે તે' એવો એનો સ્વભાવ શો !
સ્વયંભૂ દિલનો ભાવ દિલની મર્મ ચેતના
-ક્યાંના ક્યાંય ઉરાડે છે ઊર્ધ્વના તે પ્રદેશમાં !

જો કૈં કશા વિશે દિલ લાગેલું હોય છે પૂરું,
પ્રત્યક્ષ વર્તમાને તે આપમેળે જણાય શું !
ખરેખરા છુપાયેલા ઊંડા ગૂઢ રહસ્યને
-જીવને પરખાવે ને તત્ત્વામૃત પમાડશે.

□

હરિઃૐ

# ખંડ ૪ : સાધનારંગ-પૂર્વાર્ધ

(અનુષ્ટુપ)

શી ગડમથલો કીધી, કરેલી શી મથામણો !
મથતાં મથતાં કેવું હું તો નવું નવું શીખ્યો !
શીખ્યો તે માત્ર સાચું છે, એવું ના દિલમાં ગણ્યું,
તેનાથીયે બીજું સાચું હોવાનું વળી ધારિયું.
એકએકથીયે ઊંચું છે ચઢિયાતું સાચું તો,
અનંતતા શી સાચાની જેનો છેડો ન છે કશો.

જીવનમહીં આવ્યાં છે અંધારાં અતિ કારમાં,
ત્યારે મુદ્દલ દેખાવું શક્ય ન્હોતું કશું જરા;
હાંકે રાખ્યું છતાં ત્યારે જેમ તેમ કરી જ ત્યાં,
મેં તો પકડી રાખ્યું છે ભજવાનું કરી મથ્યાં.

□

થાક્યો તોયે પથે મેં તો છોડ્યું છે ચાલવાનું ના,
થાક્યા છે પગ તોયે મેં ચાલ્યા કરેલ છે સદા;
પથે ભૂલું પડાયું છે, કદી આડું જવાયું છે,
જાણ્યું ત્યાંથી સીધે પંથે જવા કેવું મથાયું છે !

□

ના બની શકતું કેમે તે એકદમ જામવું,
લાગ્યા લગની વિના તો બની શકે ન જામવું;
જામતાં જામતાં કેવો નીકળી દમ જાય છે !
જામેલાનો જ આસ્વાદ ન્યારો ઑર પ્રકાર છે.

જામતાં જામતાં કેવો પરિશ્રમ પડેલ છે !
હું ને મારો પ્રભુ બંને જાણીએ શું થયેલ તે !
એને જણાવવા મારે કોઈને ના જવું જ છે,
રંધાયો પાક છે કેવો પરખે ચાખનાર તે.

□

જામેલાતણી શક્તિની છટા શી ઑર હોય છે !
જામેલું જીવને આવે જણાઈ આપમેળ તે;
જામેલાતણી ભાષા શી જણાઈ આવતી ખરે !
જામેલું તો બડાશો ના મારતું છે ભૂલેચૂકે.

□

જાગેલો ના કદી ઊંઘે, જાગેલો સ્ફૂર્તિવંત છે,
જાગેલાની દશા જુદી બધાંને વરતાય જે;
જાગેલો શો પડે નોખો બધાં જે ઊંઘતાં થકી !
જાગેલાની નશોમસ્તી શી અલમસ્ત રીતની !

ઊંઘતો ના કદી બોલે, જાગેલોય ન બોલશે,
બંને વચ્ચે છતાં પાછો ફેર શો આસમાન છે !
એકનું કેવું અજ્ઞાન ! બીજાનું કેવું જ્ઞાન છે !
છતાં તારવવા નોખા મુશ્કેલ, કપરું જ છે.

□

સ્વભાવ શો મનસ્વી છે જાગેલાનો ખરેખરો !
મિજાજ આસમાને શો એનો ચઢેલ હોય શો !
જમીને પગ ના એના, આકાશે ઊડતો રમે,
સ્વભાવ પ્રીછવો એનો દોહ્યલો, કપરો જ છે,

□

બધાએ દોષનું મૂળ જે અયોગ્ય સ્વભાવ છે,
મેં શો સુધારવા તેને પ્રયત્નો કૈં કરેલ છે !
કેવો કદીક ફાવ્યો છું ! પામ્યો કદીક હાર હું,
મથ્યા કરેલ એ રીતે પ્રભુને સ્મરીને ઊંડું.

મૂળમાં પાંચ જે તત્ત્વ તેમાંય બુદ્ધિ, પ્રાણ બે
-મુખ્યમાં મુખ્ય છે તત્ત્વ પ્રેરનારાં જ પંથપે,
પ્રાણ છે મોખરે સૌથી સજોડે બુદ્ધિ સાથ છે,
બંનેનો ધ્યેયમાં ટેકો મળ્યાથી, સુતરું પડે.

□

નિર્ધાર્યું છે જવા જેણે, મરણિયો જ ટેક છે,
ચાલતાં ચાલતાં તેને યોગ્ય પંથ સૂઝ્યા કરે;
ક્યાંક વળાંકમાં કોક વાર ભૂલું પડાયું છે !
થતાં વિચારથી ત્યારે ચેતી કેવું જવાયું છે !

□

મળેલી બુદ્ધિથી જે તે જાણવા યત્ન તો કીધો,
જીવનધ્યેય પ્રિછાવા આશરો બુદ્ધિનો લીધો;
બુદ્ધિથી ધ્યેયમાં ઊંડું ઊતરવું થયેલું છે,
થતાં એકાગ્ર ધ્યેયે જ્યાં, મદદે બુદ્ધિ આવી છે.

બધાં કર્મો થવા કાજે હુંપણાની જરૂર છે,
અહમ્‌ની શક્તિ વિના તો કશું થવું ન શક્ય છે;
સત્ત્વાતીત અહમ્ જે છે પ્રત્યક્ષ હરિશક્તિ તે,
હરિને ધારી લેવાનો અહમ્‌ના ડોકિયાં વિશે.

□

હુંપણું પણ શક્તિ છે શ્રીહરિતણી વ્યક્ત તે,
હુંપણા વિશે તેથી હરિશક્તિ દઢાવવી;
હુંપણાતણો જ્યાં જ્યાં વિચાર સ્ફુરતાં હ્રદે,
હરિને મોખરે ત્યારે ધારી લેવો ખરેખરો.

□

સતત એકધારો જો પુરુષાર્થ બન્યા કરે,
અશક્ય તો કશું ના છે, યત્નની એવી ખૂબી છે;
કૃપા-પુરુષાર્થની દિવ્ય જુગલ જોડી ઉત્તમ,
વ્યક્ત તો શો પુરુષાર્થ ! કૃપા સૂક્ષ્મ હરિતણી.

શક્ય ના પ્રકૃતિમાં તો જાગવાનું નિરંતરે,
ચીલો અભ્યાસનો તેથી પ્રકૃતિમાંહી પાડવો;
પાડતાં પાડતાં ચીલો જ્યાં નિરંતરનો થતાં,
પ્રકૃતિના બધા બંધ ત્યારે મેળે છૂટી જશે.

□

મનાદિને વગોવ્યાં છે અર્થ વગર ફોગટ,
કિંતુ તે ખપ લાગ્યાં છે પખાળવા હરિપદ;
પરોવાયો હરિનામાં મદદથી મનાદિની,
તેથી તેની ક્ષમા માગું અન્યથા બોલવાતણી.

□

મનાદિએ મને કેવો કેટલી વાર જીવને
-ઊંધે પાટે ચઢાવીને તેને ખરો મનાવિયો !
કિંતુ જે ધ્યેયનો ઊંડો મક્કમ નિરધાર જે
-મરણિયો થયેલાથી કૃપાથી ત્યાં બચાયું છે.

મનાદિ શત્રુ ને મિત્ર, કિંતુ ધ્યેય પરત્વની
-દૃઢ મક્કમતા પૂર્ણ હોતાં લાગેલી, ચૂકતાં
-આપમેળે સીધી રાહે કૃપાથી ત્યાં અવાય છે;
તેથી મનાદિ છે મિત્ર, ટેકીલા પૂર્ણ જો તમે.

□

મનાદિને સૂઝ્યું તેવું તેણે તેવું બતાવિયું,
ઊંધું તો જાણી જોઈને તેણે કશું નથી કર્યું;
વલણ આપણું જેવું તે રીતે વર્તવાતણું
-ભાન પ્રેર્યું મનાદિએ, છતાં કેવું જગાયું છે !

□

થયેલું ધ્યેય નિશ્ચિત ને દૃઢ ટેકયુક્ત જે
-કેટલી વાર તો તેણે ઠેકાણે લાવી શો દીધો !
ત્યારે મનાદિએ કેવી સ્હાય કીધાં કરેલ છે !
ધ્યેયના ચિંત્વને યુક્ત હોવાથી ત્યાં ટકાયું છે.

ઊંડા સાતત્ય અભ્યાસે ટેવાયેલાં મનાદિ છે,
મનાદિ પાંસરાં તેથી કૃપાથી શાં રહેલ છે !
સીધા જો આપણે પોતે સીધાં મનાદિ જાણવાં,
ખોળતાં દોષ ર્‌હેવાનું નિશ્ચિત હાથ આપણે.

□

જ્યાં છે જવાનું તે રસ્તો નથી માલૂમ જીવને,
ધ્યેયના ધોરણે કિંતુ માર્ગનું તો સૂઝ્યા કરે;
વિચારો થકી ઠેકાણે છો કે નહીં જણાય છે,
ધ્યેય લીધે વિચારોની સામ્યતા જળવાય છે.

□

ધ્યેયને શો મનાદિએ માની લીધેલ છે ગુરુ !
ધ્યેયને પ્‌હોંચવા કાજે બુદ્ધિ ત્યાં શી ટૂંકી પડે !
લાગેલી લગની ઊંડી તેજસ્વી બુદ્ધિને કરે,
ધ્યેયના માર્ગ જે સૂક્ષ્મ તેય બુદ્ધિ સુઝાડશે.

□

હરિ:ૐ

# ખંડ ૫ : સાધનારંગ-ઉત્તરાર્ધ

(અનુષ્ટુપ)

આડુંઅવળું જોવાનું જેને શું ગમતું રૂડું !
મારવા ડાફરિયાં તો જેનો વેપાર નિત્યનો;
એવા તે મનને સીધું પાંસરું રાખવા પદે,
'મથવું પડ્યું કેવુંયે હશે', તે કોણ જાણશે ?

કેવા આઘાત દેવાના આવેલા ભાગ માહરે !
વારેવારે જ સંકોરી પડેલું લાવવું પદે;
શ્રીહરિપદ ખીલે તે બાંધી લીધેલ તે પછી
-ગમે ત્યાં ભટકે છોને, ખીલેથી ના શકે ચસી.

□

ટેવાવા મનને કેવું મારે તો મથવું પડ્યું !
નેવાનાં પાણી તો મોભે ચઢાવવાં કર્યાં કર્યું;
તોય શું છટકી જાય પાછું પકડી આણવું,
એવા વિચિત્રાને પાદપદ્મે બાંધી રખાયું શું !

□

મન વાંદરું છે પોતે કેવું વિચિત્રાતા ભર્યું !
ડાળીએ ડાળીએ કૂદે, કૂદકા ખૂબ મારતું;
કૂદકે, ભૂસકે જેને રમવાનું ગમે સદા,
એને તો પાડવા ઠામ પડી છે કેવી આપદા !

નાસવું ભાગવું જ્યાં ત્યાં જેનું તે માત્ર કર્મ છે,
એવાને બાંધવા પાદે વ્રત મેં તો લીધેલ છે;
છટકી જતું ભાગી તે પાછું પકડી લાવવું,
એવું દુર્લભ, મુશ્કેલ કર્મ મેં તો સ્વીકારિયું.
એવા તે કપરા કર્મે, થવું જે નવ સ્હેલ છે,
હરિના નામના છંદે તેમાં મદદ પ્રેરી છે.

□

મથવું એક જે માત્ર કર્મ ગણી ખરેખરું,
મથવાનું ન છોડ્યું છે, જોકે હાર્યો બહુ બહુ;
હારતાં હારતાં તોયે નામ લીધા કરેલ છે,
માથું કપાયું છે તોયે મુકાયો નવ ટેક છે.

□

કદીક આડપંથે શો કુટાયાં જીવને કર્યો !
કેટલું ભટક્યો તોયે સીધે પથે હું ના ચઢ્યો;
આકરી તાવણી ઉગ્ર શી ભયંકર અગ્નિથી
-પડી અનુભવવી કેવી ! છાલ સૌ ઊતરી ગઈ.
ત્યારે ત્યાં ધારવી હામ કાચાપોચાનું કામ ના,
સદ્‌ગુરુની વિના સ્હાય મુશ્કેલ ટકવું મહા.

અંધારા ને અજાણ્યામાં જ્યાં ત્યાં અહીંતહીં બધે,
વારંવાર કર્યા ખાધા નર્યા ખત્તા જ જીવને;
એવી કો ચોટમાંથી તો કારમી ચોટ લાગીને
-મને ઊંડો જગાડીને લગાડ્યો શું હરિરસે !

□

કમબખ્તી શી આવેલી ઓચિંતી મુજ જીવને !
મર્દાનગીથી તો ત્યારે ઊભું ર્‌હેવાનું છે થયું,
યુદ્ધનો માર્ગ સ્વીકાર્યો, યુદ્ધથી જેથી સામનો
-કરવાનો જ નિશ્ચિંતે, એ તો નિશ્ચિત માર્ગ છે.

□

કૈં કંઈ વિઘ્ન આવ્યાં છે, છતાં ડરાયું ના જ છે,
માથું ટટાર હામે ને ઉત્સાહે તો રખાયું છે;
કદીક હારતાં કેવું લથડવું પડેલ છે !
ખંખેરી પાછું ઊભા થૌ મેદાને ઝંપલાવ્યું છે.

કચરી કચરી કેવું કાઢેલ તેલ મારું છે !
મુસીબતોતણો પાર વિના સુમારનો ન છે;
-વિપત્તિ, ગૂંચ, મુશ્કેલી, આપત્તિ ને વિપત્તિએ
-જીવન આવરાયું છે. તેથી છૂટવું દુર્લભે,
હાંજા ગગડી ગયેલા છે, હામ તૂટી ગયેલ છે;
તોયે તારી કૃપાથી શો ટટારીથી ઊભેલ જે !

□

ના પડકાર ફેંક્યો છે, કરેલો સામનો જ ના,
સંગ્રામે જે ઝઝૂમ્યો ના, માનવી, માનવી જ ના;
સંગ્રામે મર્દની જેમ લઢીને ખંતથી ટકે,
એવો જે વિરલો જીવ ચૂમવા પાદ પાત્ર છે.

□

ઠેકાણે એક જેની તો ઠરવી આંખ, કર્મ તે
-કેવું અઘરું છે તેની સમજ પડી છે હૃદે.
છતાં જે ટેક લીધેલો તેના બળે કરી હવે,
મનને વારી વારીને સજ્જડ બાંધી લીધું છે.

મચેલો જે રહેલો છે તેનાં લક્ષણ જે બધાં,
જણાયાં કૈં વિના ના ર્હે એવી એની શી લક્ષણા !
પરાક્રમ મચેલાનું જીવતું જાગતું સદા,
આપમેળે ઊઠે બોલી દર્શાવી આંખ, મુખ દે.

□

જીવનની અમીરાઈ વિશે આનંદથી પૂરા
-જીવન વ્હેતું હો ત્યારે ચિનગારીકેરી આપદા
-ખરેખરી જ હો નાની સરખી શી ! છતાં હ્દે
હિમાલય સમી લાગે, એવું જીવ્યું શું કામનું ?

□

હાથની મુઠ્ઠીમાં આવી ગયું હોવા કદી છતાં
-નાસી જતું શું લાગ્યું છે ! ગ્રહાયું તે ગ્રહાય ના;
ફરી ફરી થતાં હાર, નાસીપાસ થયો ન છું,
હામ ભીડી લીધેલી જે કર્મે શો વળગેલ હું !

એકવાર ચઢેલા જો રણાંગણે થઈ શૂરા,
મૃત્યુને વ્હોરતાં ત્યારે આઠે કોઠે દીવા થતા;
ઝૂઝવું મૃત્યુને વ્હોરી તે પરાક્રમ ધન્ય છે,
વિરલા વીર એવા જે લાડીલા ભક્ત ધન્ય છે.

□

જે ખરેખર જાગેલો આપમેળે જણાય છે,
પડે માલૂમ તે સૌને, કહેવા ના જવું પડે;
જાગેલાની હૃદે સ્ફૂર્તિ ચેતનવંતી હોય છે,
જાગેલો તે બધું જાણે સર્વ બનતું હોય જે.

□

સ્થિર ર્‌હેવું ગમે છે ના જેને તો પળવારયે,
એકને એકમાં જેને મુશ્કેલ રાખવું ખરે;
કિંતુ ચાનક લાગેલી, તેણે તે મનને પદે
-પરોવી રાખવા કેવું ટેવાવી દીધું આખરે !

ઉપર ચઢીને પાછું નીચે ઊતરવું પડે,
તેવી વેળાય તો લક્ષ તે ઉપરનું હોય છે;
ઊર્ધ્વના લક્ષથી ચ્યુત કદીયે ના થવાય છે,
પાછું શું એટલે ઊર્ધ્વે ઊર્ધ્વટોચે ઠરાય છે.

□

હતો ઉધમાતિયો પાકો ક્યાંયે ના સમતોલ જે,
ઉપાડ્યું કર્મ એવાએ મોટામાં મોટું જીવને;
ઉપાડી બેસી ખાલી તો રહેલો છે નથી કદી,
પોતાનાથી થતું સર્વ કરી શો ચૂકતો મથી !

□

हरि હોવા છતાં સત્ય મિથ્યા ના વ્યવહાર છે,
વ્યવહારની સંપૂર્ણ યોગ્યતામાં हरिश्री છે;
સંસારે हरि વિનાનો સૌ વ્યવહાર વ્યર્થ છે,
જેમાં તેમાં બધાંમાં શો हरि પોતે ભળેલ છે !

સંસારે કરવાં કર્મો ગુણભાવ જરૂરી છે,
કિંતુ લોલુપતા ના કૈં હોવી ના ઝંખના ઘટે;
સંપૂર્ણ યોગ્યતાથી તો તે તે કર્મ થવાં ઘટે,
ને તે તેમ થતાં તેમાં અહં ત્યાં હોવું ના ઘટે.

□

વ્યવહારની દૃષ્ટિએ નમાલો સાવ હું પૂરો,
છતાં હું સ્મરવામાં ને ભજવામાં શૂરો ઘણો;
એમાં જ માલ જોયો છે, ગણ્યો છે વ્યવહાર તે,
બીજા સૌ વ્યવહારોને મૂલ્ય ઝાઝું ન દીધું છે.

□

તારા મોં સામું જોઈને ચલાવું વ્યવહાર હું,
મોં સામું જોઈ જોઈને શો શક્તિવંત થાઉં છું !
અપાર હેત તારું તે જેથી હું ન્યાલ થાઉં છું !
સંસારે જીવીને કેવો ધન્ય ધન્ય થતો પ્રભુ !

ને ઉપરામ, વિશ્રામ, અશાંતિ, વિગ્રહ, ગૂંચો,
જીવને આવી આવીને પરેશાન થવાયું શું !
કિંતુ ભીતરના મિત્રે, હૂંફ ને ઓથ જીવને
-દીધેલી છે મને હૈયે હરિનો ઉપકાર તે.

□

અંતરે જાગતા ર્‌હેવું હરિ સભાનતા વિશે,
છે વ્યવસાય એવો જે જેનો નિરંતરે હ્રદે;
એવાને હરિની માયા પ્રત્યક્ષ માડીરૂપ છે,
સંભાળ વ્‌હાલથી કેવી રાખે માયા શી एहनी !

□

હાથ, પગ, મનાદિ શાં ભગવાને દીધેલ છે !
શુદ્ધ, વિવેક બુદ્ધિથી વપરાતાં જ કર્મ તે
-શુદ્ધ થતાં જવાનાં સૌ, પાછો જે રંગ ભક્તિનો
-લાગ્યાં કરી નવો વેશ જેને તેને જ દૈ શકે.

ચાલતાં ચાલતાં કેવા ખત્તા ખાવા હરિપથે
મળ્યા ! જેથી મનાદિ શાં ભૂકો તો ભાંગીને થયાં !
મગજ ગાંડું, બેફામ, ચકચૂર બનેલું છે,
ઓસરી યાદદાસ્તી ને કંઈ કશાનું ન ભાન છે.

□

વિચિત્ર વેદના કોઈ અવર્ણનીય ગૂઢ શી !
થયાં કરતી'તી કેવી ! પ્રેમથી સ્હેવી તે રહી;
ખોટો બબડવાનો તો મિથ્યા પ્રયત્ન ના કરું,
છતાં જે જે થતું તે તે બોલ્યા વિણ ર્‌હેવાય ના.

□

કોણ જાણે શું અંધારે જકડી રાખી મૂર્ખને,
ક્યાંય તે પૂરી રાખીને ગાંડો બનાવી શું દીધો !
જુદા જુદા જનોને શું બોલાવું નામ તો જુદે,
ગયો જાણે બધું ભૂલી થયેલો અસ્તવ્યસ્ત શો !

જીવનમાં બધી કેવી મુશ્કેલી ને વિપત્તિઓ,
જુદી જુદી રીતે આવી પરેશાન કરેલ શો !
અકળાઈ, મૂંઝાઈને અધમૂઓ થઈ ગયો,
ત્યારે પ્રાર્થનાથી શો સદ્‌ગુરુ દોડી આવિયો !

□

મારી ખબર લેવાનું એને સોંપેલ છે બધું,
સુધરે, બગડે તેનો હિસાબ ના કશો ગણું;
મારે મારું જ કર્તવ્ય કર્યાં તે કરવાનું છે,
એમાં તો રાજી રાજી શું રહેવાનું સદાય છે !

□

આપમેળે મળી આવે જે પ્રમાણેનું તે થવા,
-રીતે જે ઊગી આવે છે તેનું છે નામ પ્રેરણા,
ચોખ્ખું સ્પષ્ટ દીવા જેવું પ્રેરણામાં જણાય છે,
તર્ક, દલીલ ના એમાં, એમાં નિશ્ચિતતા શી છે !

જે પ્રમાણે મળી આવે તે પ્રમાણેનું તે થવા,
આપમેળે કરે સ્ફુર્યાં, ત્યહીં વિચારવાનું ના;
થવાનું જેમ જે રીતે તે રીતે તે થયાં જતું,
ગડમથલ કૈં વિના, પ્રેરણા તે પ્રમાણવું.

□

કર્મ આવી મળે જેવું તે પ્રમાણેની સ્ફુરણા
-આપોઆપ ઊગે ત્યારે કર્મને કરવાતણી;
વિચારવાનું-તે કાળે ના, ને ના બોલવું પડે,
કર્મ આચરવા એને જે તે મેળે થયા કરે.

□

પરંપરા વિચારોની જ્ઞાનીને સ્ફુરતી ન છે,
ફુવારા પેઠ મેળે તો એને જે તે સ્ફુર્યાં કરે;
કર્મ આવી મળે જેવું તે રીતે કરવાતણી
-પ્રેરણા તે પ્રમાણેની ત્યારે એને થયા જતી.

ઊર્ધ્વ છેક પહોંચ્યાનો ન્યારો શો સ્વાદ ઑર છે !
વર્ણવ્યો જાય ના એ તો, માત્ર ચાખી શકાય છે;
એ ચાખ્યા પછી તો સ્વાદ મિથ્યા અવર સર્વ છે;
અમૃતસ્વાદ એવો જે અમર નિત્ય નિત્ય છે.

□

ચરણામૃતનો સ્વાદ જો ચાખ્યો એકવાર છે,
સ્વાદ તેનો ન છૂટે છે કેમે કર્યોય અંતરે;
ક્ષણવારેય તે સ્વાદ છૂટો તો પડતો નથી,
શા ઓડકાર આવે છે તેના તો ઘડીએ ઘડી !

□

હરિ:ૐ

## ખંડ ૬ : મથાયું તો કૃપાથી છે

(અનુષ્ટુપ)

સ્વચ્છંદી ચાલ જેની છે, મનસ્વીપણું જેનું છે,
એવા તે માંકડાને મેં બાંધ્યું છે પદને ખીલે;
શ્રીહરિની કૃપાથી તો મારાથી તે થઈ શક્યું,
કેટલો કેટલો એનો આભાર માની હું શકું !

કૂદાકૂદ ફલાંગો શી આમથી તેમ મારવી !
ટેવ એવી પડેલીથી વર્તાવવું રીતે જુદી;
એવું તે કપરું કર્મ કૃપાએ તો કરાવીને,
શ્રીહરિપદમાં એને ચખાડ્યો સ્વાદ શો મીઠો !

□

કેટકેટલી મોટી શી શ્રીહરિની કૃપા થઈ !
મુશ્કેલમાંહી મુશ્કેલ કર્મ સિદ્ધ કરાવિયું;
અવળચંડું સંપૂર્ણ ઠેકાણે ઠામ પાડિયું,
એવા તે મનનો નાદ હવે ન્યારા પ્રકારનો.

□

ઊંઘવું, ઘોરવું જેને એદીપણું હદે ગમે,
જ્યાં ત્યાંથી ટુકડા વીણી ખાવા કુટેવ જેહને;
કૃપાની મોરલીથી શી મોહી પડેલ છે હવે !
એકને એક તાને શું રસાયેલું રહ્યું જ છે !

માનવાપણું ના રાખ્યું, જાણવાપણું રાખ્યું ના,
મ્હાલવાપણું ભાવેથી રાખ્યું કૃપાથી દિલમાં;
મ્હાલતાં, મ્હાલતાં ઊંડું, ઊંડું તો ઊતરાયું છે,
ઊંડામાં સાવ ઊંડાનો ન્યારો આનંદ હોય છે.

□

આરંભાયેલું તો કર્મ અધૂરું ના મુકાય છે,
પૂરું કર્યા વિના આરો કેમે કદી ન હોય છે;
મથી મથી, ઘણું ભારે મારાથી થાય તેટલું
-મથાયું તે કૃપાથી છે, ટટારી શી રખાઈ છે !

□

માથું ના નમવા દીધું મૃત્યુ આવ્યું છતાંય મેં,
સામનો ઉગ્ર સંપૂર્ણ પથમાં કર્યાં કરેલ છે;
કૃપાથી ટકી ર્‌હેવાયું ને નવું કેટલું બધું
-મળ્યાં કરેલું છે, એ તો શી હરિની કૃપા મને !

મારો સંસારમાં કેવો વિચિત્ર તે સ્વભાવ છે !
મુશ્કેલીઓ પડી કેવી તેથી ખરેખરી મને !
સભાન કેટલી વાર થયો તેથી ખરેખરો !
તોય ચેતાયું ના પૂરું, ચેતાયું છે કૃપા વડે.

□

યજ્ઞ જે આદરાયેલો મૂક્યો મૂકી શકાય ના,
તે યજ્ઞનો પુરુષાર્થ ચાલુ રહ્યા કર્યો, કૃપા.
કૃપાની બલિહારીની અકથ્ય વાત ન્યારી છે,
શો ઘડી પછી એ તો ના અટકે છે કદીય તે !

□

શ્રીહરિનો કૃપાયજ્ઞ મેળે અખંડ ચાલતો,
એને સંકોરવો કેમે પડે ના, અસ્ખલિત છે;
શો ઘડી પછીથી તે એ અટકતો કદીક છે !
કિંતુ સભાનતા તેની કાયમ જીવતી ટકે.

હાવરોબાવરો હું તો મુશ્કેલીમાં થયો ન છું,
મુશ્કેલી, ગૂંચ, વિઘ્નોમાં મથાયું છે કૃપાથી તો;
ખાધું છે ગોથું પંથે મેં મથવાના પ્રયત્નમાં,
કૃપા કે પાછું ઠેકાણે આવી શકાયું છે તદા.

□

કેટલું કેટલું ભારે આવ્યું છે મથવાનું તે !
જેનો અંત ન આવ્યો છે, હજી ચાલુ રહેલ છે;
હવે સૂક્ષ્મ પ્રદેશોનું મથવું તે વળી ઑર છે,
કૃપા સમર્થની ઑર જેથી ટકી જિવાય છે.

□

ચાલ અટપટી કેવી સંસારવ્યવહારની !
નીકળી ના શકે એવી તે શી ભુલભુલામણી !
એકવાર પ્રવેશે તો ચાહે નીકળવા ન તે,
કૃપા જો હરિની થાય તો ચમત્કાર થાય છે.

અણધારેલ આવ્યાં છે કેવાં કેવાં જ સંકટો !
તેને નિવારવા બુદ્ધિ ચાલી કેમે કરી ન તો;
બુદ્ધિ બહેર મારી છે, બુદ્ધિનું ના ગજું કશું,
કૃપાપ્રાબલ્યથી મારું જે તે ચાલ્યા કરેલ સૌ.

□

ચાલ્યા કરેલ અભ્યાસ હરિના નામનો સહી,
ને અખંડિત આહુતિ અપાયાં જતી જ્ઞાનથી;
યજ્ઞ પૂરો થતાં બાકી રહેલી જે પ્રસાદી છે,
આરોગવી કૃપાથી તે, જીવન ખરું એ જ છે.

□

एनी કૃપાની તો વાત ન્યારી ન્યારી અનંત છે,
મારો કૃપાથી ચાલે છે ટબારો શો જ જીવને !
कर्ताहर्ता જ જે તે છે સમર્થ एक श्रीहरि,
एवाने શરણે પ્રેમે જવાતાં, જીવું ધન્ય થૈ.

ભરેલું ડગલું પાછું મરણાંતે મૂકવું ન તે,
એવો મરણિયો પાકો નિશ્ચય જે થયેલ છે;
કૃપાથી તેમ વર્તાયું, છતાં કેટલી વારયે
-ભૂંડી હાર હું પામ્યો છું, છતાં પાછું ઉઠાયું છે.

□

આડું જતાં જતાં કેવું પડેલું રોકવું પથે !
નાકની દાંડીની સામે રાખવાને મથાવ્યું છે;
મેં લાખ વાર શી હાર ખાધી, છતાં કૃપા થકી
-હિંમત નવ હાર્યો છું રહ્યો વળગી કર્મથી.

□

જીવનમાંહી ક્યાં સુધી મેં ઘોર્યા કર્યું કેટલું !
ઢંઢોળ્યાથીય જાગ્યો ના, બેભાનપણું કેટલું !
ઓચિંતો કોઈકે કેવો ખેંચી બોલાવી પાસ તે,
પડખામાં લઈ દીક્ષા દીધી, કૃપા શી એની જે !

હરાયા ઢોરની પેઠે જેને આથડવું ગમે,
ગમે તેમ ચરી ખાવું જેનું સ્વચ્છંદ કર્મ છે;
એંઠની ચાટમાંનું શું જેને ખાવું પસંદ છે,
એવું શ્રીહરિના પાદે બંધાયું શું કૃપા વડે !

□

કેટલી હાર પામ્યો છું જેની ના ગણના કશી,
તોયે મેં પકડેલું જે છોડ્યું કેમે કર્યું નથી;
છેતરી છેતરી કેવું છટકી જતું હતું વળી !
એવાને ચરણે બાંધ્યું શ્રીહરિએ કૃપા થકી.

□

હરિઃૐ

## ખંડ ૭ : હરિના નામનો કેવો પ્રભાવ ને પ્રતાપ છે

(અનુષ્ટુપ)

હરિના નામનો કેવો પ્રભાવ ને પ્રતાપ છે !
વિના અનુભવ્યા એને આવે જાણ્યામહીં ન તે;
શક્તિ પેદા કરાવીને શક્તિ, એકાગ્ર, કેંદ્રિત
-મૂળકેંદ્રે સ્થપાવીને, કરે નિજનું કર્મ તે.

ભજતાં ભજતાં ભૂલ્યો કેટલી વાર હું તને !
હરામખોર શો એવો લાજશરમ કૈં ન છે !
હરાયા ઢોરની પેઠે સારું જીવન સાવ તે
રખડી, ભટકી ખાધું, કિંતુ હવે ભજવા વિશે
-કૃપાથી પરોવાયાં છે મનાદિ પાદપદ્મ થૈ,
કરુણા એવી શી તારી વહી ગંગાની જેમ તે !

□

કેટલું કેટલું ભારે પારાવાર મથેલ હું !
કેમેય છાલ છોડ્યો ના છેડો જે પકડેલનો;
કદી છેડો ન છોડ્યો છે, રાખ્યો પકડી નિત્ય તે,
ને એમ કરતાં એને ધાર્યો સ્મરણમાં હૃદે.

□

હરિના નામને નિત્ય મનાદિમાં પરોવીને,
હરિમાં જીવતું લક્ષ સાચવવા મથાયું છે;
હચમચાઈ જવાયું છે કદીક નિજ ધ્યેયથી,
પ્રેરાવી કોઈકે પાછું જ્ઞાન પાકું કરાવ્યું છે.

છૂટવી દુન્યવી માયા મહામુશ્કેલ કેવી છે !
તે કાજે એકલો માત્ર ઉપાય ભક્તિમાર્ગ છે.
ભજતાં ભજતાં ભાવે જ્યાં એકાગ્ર થવાય છે,
સંપૂર્ણતા થતાં તેમાં માયાનો લય થાય છે.

□

સતત એકલું માત્ર હરિ સ્મરણને ઊંડું
-ઉમળકાથી લીધાં તે એકધારું કરેલ છે;
કારમાયે પ્રસંગોમાં ઝોડની પેઠ પ્રેમથી
-સ્મરણને ન છોડ્યું છે, પાડેલી મૈત્રી એવી છે.

□

પોકાર્યાં દિલમાં કીધું હરિનું નામ કેટલું !
લાગતાં લગની એની એનામાં દિલ ચોંટિયું;
દિલ લાગ્યા પછી નેડો લાગ્યો એનો ઊંડો ઊંડો,
પળવાર પછી એને મુકાતો ના કદી વીલો.

લેવાયાં કરવાથી તો નામ, જામી શકાય છે.
પ્રત્યક્ષ તે પરિણામ જાતે નિહાળી જોયું છે;
નામ લેવાતણો ઊંડો અભ્યાસ કેળવી હૃદે,
અખંડિત થતાં નામ ત્યારે જામી જવાયું છે.

□

નામનો મહિમા મોટો જાતે અનુભવી હૃદે,
નામને લલકાર્યું છે કેવું ઉમળકાથી તે !
નામથી ભાવ જામ્યો છે ભાવથી પલટો થતો
-જાતે નિહાળીને ધન્ય થવાયું છે કૃપાથી તો.

□

કેવો નામથી ચાલે છે વ્યવહાર બધો જગે !
નામ વિનાનું કોઈનું ચાલે ના જગમાં કશું;
નામનો માત્ર આધાર લઈ સૌ ચાલતાં જગે,
નામથી નામ સંસારે શું ખરેખરું નીકળે !

ફેફરું રોગને લીધે નામ લીધા કરાયું છે,
મટ્યાથી રોગ સંપૂર્ણ શ્રદ્ધા બેસી ગયેલ છે;
લેતાં લેતાં હૃદે નામ ઊંડું લગ્ન થવાયું છે,
નામના તે પ્રભાવેથી આજ 'મોટા' થવાયું છે.

□

કેવું કેવું શું વેઠ્યું છે ! ગણવા હિસાબ ક્યાં જવો ?
ને અવહેલના સ્હેતાં કેવું લાગેલું દિલ તો !
તેમાંથી ફેફરું રોગ લાગુ પડ્યો શરીરમાં,
હરિએ નામ લેવાનું સુઝાડ્યું, તે મહાકૃપા.

□

ભુલાતું છે ન તે નામ, હવે ના નામ, નામ છે,
હવે તો નામ છે ભક્તિ પ્રત્યક્ષ શક્તિરૂપ તે;
નામથી ગુણ ને ભાવ પ્રગટે જીવને સદા,
અનુભવથી પ્રત્યક્ષ લાગ્યું સાક્ષાત દિલમાં.

લેવાયાં તો જવાવાથી નામ, જામી શકાયું છે,
જામી શક્યા વિના પૂરું પ્રતિષ્ઠા મળતી ન છે;
પ્રતિષ્ઠા મેળવ્યા કેડે તેને જાળવવી પડે,
શ્રીહરિની કૃપા મોટી જેથી આજ ઊભો જગે.

□

હરિના નામનો છંદ લાગ્યો શો મનને ઘણો !
બંધાયેલું રહ્યું તેથી હેવાઈને પદે ઊંડું;
હવે નેડો જ લાગ્યો છે એને શો હરિને હૃદે !
છૂટા પડવું સ્હેજેયે એને ના ગમતું હવે.

□

કોકનું બોલવું હોય હૈયે પ્રસન્નતા ભર્યું,
કોકનું બોલવું જ્યારે ક્રોધ શો ઉપજાવતું !
બોલવા બોલવામાંહે ભિન્ન ભિન્ન પ્રકાર છે,
બોલવામાં હરિવાણી શી સર્વોત્તમ શ્રેષ્ઠ છે !

યોગ્ય સંપૂર્ણ જાણી તે શકાવું અતિ દુર્લભ,
સૌ જાણવાનું છોડીને તેથી તો હું ઢળ્યો પદ;
તેથી મેં ભજનાનંદ થવામાં સુખ મ્હાલીને,
બધો કાળ વિતાવાનું તેમાં ચહ્યાં કરેલ છે.

□

સ્મરતાં સ્મરતાં જ્યારે અખંડ સ્મરવું થયું,
ત્યારે શો ભાવનાકેરો ફુવારો દિલ ફૂટિયો !
ભાવના જ્યાં થતાં ગાઢ બઢ્યો શો ભાવ અંતરે !
ને નિરંતરનો ભાવ થતાં, ઝાંખી થઈ હૃદે.

□

શું રમણે ચઢાયું છે ! ત્યારે શી મસ્તી જામી છે !
કિનારા સૌ વટાવીને ક્યાંની ક્યાંય ફરી વળે !
બધા આધારને કેવો ભીંજવી તરબોળ તે
-કરી દે છે ! કશી જગ્યા કોરી ર્‌હેવા ન દે કશે.

બહુ મને ડરાવ્યો તેં, ગભરામણ લાગી છે,
અજંપો, ભય લાગ્યો છે, બધું ચોપાસ ખાતું છે;
શી ભયંકરતા વ્યાપી ! નર્યું અંધારું ઘાલ્યું છે,
શી ઘનઘોર રાત્રિના, છે પડઘા બિહામણા !
મિત્ર સ્મરણને ધારી, ન છોડ્યું છે કદીય તે,
સ્મરણે સાથ આપ્યો છે ત્યારે મને કૃપાથી જે.

□

ટોકવું પડતું પ્હેલાં હવે એવું રહ્યું ન છે,
રસીલા પદમાં ર્‌હેવું વળગેલું ગમે હવે;
ભટકી ભટકી સ્વાદ જેનો તેનો લીધાતણો,
મનને છંદ લાગેલો પલટાઈ ગયો હવે.

□

સંસારે કોઈની સાથે અમારે ના ફસાવું છે,
ભળેલા સર્વની સાથે છતાં છૂટા રહેવું છે;
મળેલાં કર્મનો ધર્મ આચરતાં રૂડી રીતે,
પ્રભુને શા સ્તવેલા છે દિલમાં દિલથી ઊંડે !

મનને છંદ લાગ્યો જ્યાં હરિના નામનો હદે,
પછી તો મનનો સાથ રસીલો મળિયો મને;
એકના એક તે કર્મે પછી તો મન રાજી છે,
એમાંથી ખસવું સૂહેજે જેને પરવડે ન તે.

□

શ્રીહરિ યાદમાં કેવી હિકમત ભરેલી છે !
ચોંટ્યું તે યાદમાં ચિત્ત ઊખડે ત્યાંથી ના જ તે;
જો એકવાર ચોંટ્યું છે, ચોંટ્યાનો સ્વાદ દિલ છે,
કેમે કર્યોય તે સ્વાદ કદી કાળ છૂટે ન તે.

□

શ્રીહરિ યાદમાં ચિત્ત ચોંટ્યું જો એકવાર છે,
ચોંટેલું વિસ્તરે છે તે રોમરોમે ઊંડે ઊંડે;
રસામૃત વિના બાકી કોઈ જગ્યા ન ખાલી રૂહે,
એવા તે સ્વાદની તોલે બીજા સૌ સ્વાદ તુચ્છ છે.

ભાવે ઉપાસના જ્યારે હરિની દિલ થાય છે,
ભાવ એકાગ્ર, કેંદ્રિત તેમાં જ્યાં દિલ થાય છે;
શક્તિ સિદ્ધિપ્રદા ત્યારે મેળે બનતી હોય છે,
હરિના નામનો મંત્ર એવો શો શક્તિશાળી છે !

□

પ્રતિષ્ઠા હરિની જ્યારે સંપૂર્ણ દિલ થાય છે,
હરિના નામની ત્યારે પ્રતિષ્ઠા સિદ્ધ થાય છે;
'નામના મંત્રાની સિદ્ધિ હરિની ભક્તિને વિશે
-પ્રતિષ્ઠિત થયેલી છે', અનુભવે પ્રમાણ્યું છે.

□

જેમાં તેમાં બધાંમાંયે હરિનું નામ શ્રેષ્ઠ છે,
મને એના પરે કેવી શ્રદ્ધા જામી ગયેલ છે !
શ્રદ્ધા, વિશ્વાસને લીધે, ભારે વંટોળને વિશે
-ઊભો ટટાર રહેતો તે, ટકી હિંમત રહે ખરે.

લાગેલો હરિનો નેડો એમાં મન રમ્યાં કરે,
કેમે કર્યુંય એમાંથી વિખૂટું ના પડી શકે;
લગાતાર રસાધારે ચોંટેલું તે સદા રહે,
તે રસામૃત ચાખેલું તાળવે ચોંટ્યું નિત્ય રહે.

□

કેટલું કેટલું કેવું મુજથી તો મથાયું છે !
શ્રીહરિની કૃપા એ તો કે મુજથી ટકાયું છે;
શું વારંવાર ટોકીને, ચેતાવીને ફરી ફરી,
મનને સ્મરણે કેવું ચોંટાડી દીધું દિલથી !

□

અમે કદી ન છોડ્યું છે સ્મરવાનું ક્ષણે ક્ષણે,
'સ્મર્યા વિના જતો કાળ', એને મૃત્યુ ગણેલ છે;
શ્વાસોચ્છ્વાસની જેમ કોઠે સ્મરણ છે સદા,
સ્મરણ પ્રાણશક્તિ છે અમારી જીવને સદા.

‘અમારાથી થતું ના કૈં, બધું તે કરનાર છે,’
એવાં વિશ્વાસ ને શ્રદ્ધા ઊંડાં બેસી ગયેલ છે;
હરિને સ્મરવું એવો વેપાર એકમાત્ર તે,
લીધેલો છે અમે પ્રેમે ખંતે ચલાવીએ જ તે.

□

હરિના નામની રૂડી અમે માંડેલ હાટ છે,
પ્રત્યેક પળ વ્યાપાર એમાં એનો થયા કરે;
નવરા બેસી ર્‌હેવાનું કદીયે નવ થાય છે.
રંગાયેલા પૂરા એમાં, એના મુનીમ શા અમે !

□

હરિ, હરિ, ઊંડો નાદ દિલમાં શો ઊઠ્યા કરે !
પ્રવેશેલો ઊંડે હૈયે કેમે કર્યો ન તે ખસે,
હાલતાં ચાલતાં એનું સ્મરણ જીવતું ટકે,
કદી સ્ખલન ના થાય, ચિરંજીવી સદાય તે.

ઠેકાણે પાડવા એને કૂદવાનું હિમાલય
-સમું જે કર્મ તે મેં તો લીધું માથે સ્મરી પદ,
હરિના નામનો ટેકો કેટલો બળવાન છે !
ટેવાતાં મનને, એની પડી ખબર શી મને !

□

મરણિયો શું નિર્ધાર જ્યારે જેનો થતો હૃદે,
ત્યારે મુશ્કેલ છો કર્મ કિંતુ પાર પડાય તે;
શ્રીહરિપદનો છંદ લાગેલો નવ છૂટતો,
તેને જ કારણે પૂરું પડ્યું ઠેકાણું એનું તો.

□

હરિને ભજવાથી તે લાભ નક્કર શો મળે !
મોટાની ઓથનો લાભ નિશ્ચિત જગ જાણજે;
હરિનું શરણું લૈને ભજે, ભજે, નિરંતરે,
તેનો સંસાર ચાલે છે શ્રીહરિની કૃપા વડે.

હરિને સાદ દેવામાં કેવો આનંદ ઊછળે !
હરિના નામથી હૈયે ભાવ ગદ્‌ગદ ઉદ્‌ભવે,
હરિ શો એકલો માત્ર છે પ્રાણેશ્વર સર્વનો !
જીવે એનાથી પ્રાણી સૌ, સંભારે કોઈ ના છતાં.

□

હરિની યાદગીરીમાં જીવવું એ ખુશાલી છે,
હરિની યાદગીરીમાં શી દેવી કુરબાની છે !
હરિની યાદગીરીમાં લિજ્જત, મસ્તી કેવી છે !
હરિની યાદગીરીથી ન્યોછાવર થવાતું છે.

□

હરિની યાદગીરીમાં કૃપાશક્તિ હરિની છે,
હરિની યાદગીરીમાં બધું જે તે સમાયું છે;
હરિની યાદગીરીથી જે તે કર્મ થયેલ છે,
હરિની યાદગીરી એ જીવન મિજબાની છે.

હરિની યાદ આકાશે શી ઉડ્ડયનશીલ છે !
જીવન હરિની યાદે ઉન્નત થતું હોય છે;
જીવનમાં હરિયાદ સ્વર્ગારોહણ દિવ્ય છે,
જીવનમાં હરિયાદ ખુશબોથી ભરેલ છે.

□

નોબત શી હરિયાદ મસ્ત બની રહેલ છે !
જીવન હરિની યાદ કેવી ચમકદાર છે !
હરિની યાદમાં કેવું જીવવું મરવું ગમે !
જીવનની હરિયાદ રંગીલી મિજબાની છે.

□

અજ્ઞાની સાવ સંપૂર્ણ નર્યો જીવનમાં હતો,
ઠામઠેકાણું જેનું ના કોઈ પ્રકારનું હતું;
તેવાએ નામ લેવાથી, તે નિરંતરનું થતાં,
કૃપાથી શો થયો 'મોટો' તે ચમત્કાર શો મહા !

□

હરિઃૐ

## ખંડ ૮ : સર્વશ્રેષ્ઠ હરિ જ છે

(અનુષ્ટુપ)

ગૂંચો, મુશ્કેલી, વિપત્તિ સંસારે શી કરી નડ્યાં !
શા તીવ્ર ગૂંચવાડામાં ક્યાંયનો ક્યાંય નાખિયો,
બાથોડિયાં મારી મારીને બાવડાં થાકી તો ગયાં;
બચવા એકલો માર્ગ શ્રીહરિપાદ માત્ર શાં !
હરિને પકડી રાખી એને યાદ કર્યા કરી,
હરિએ બાંય સાહીને ભેટ દીધી જ ભક્તિની.

ગળાબૂડ ડૂબેલો હું સંસારવ્યવહારમાં,
કૃપાથી તોય ભક્તિથી થયેલું ભજવું તદા;
પ્રવાહ શો ધીમે ધીમે લાગ્યો તે વધવા ઊંડે,
પછી તો સ્વાદ ને છંદ શા લાગ્યા ભજવા વિશે !

□

એકવાર ચડ્યા યુદ્ધે ઝઝૂમતાં, ઝઝૂમીને,
મૃત્યુને વ્હોરી લેવાતાં, તે પરાક્રમ ધન્ય છે;
હરિનો ભક્ત તો એવો ટેકીલો, વિરલો જ છે,
મૃત્યુને કેટલી વાર લેતો તે ભેટી હોય છે !

□

ભક્તિનો પંથ ના ટૂંકો, સ્હેલોસટ ન તે ભલા,
છતાં મેં શો ગ્રહેલો તે ચૂક્યો છું ઘણી વાર ત્યાં;
કૃપા કે યાદ આવ્યું છે લીધેલું વ્રત દિલ જે,
મરણાંતે ચુકાયું ના એ તો કૃપા શી એની છે !

વિના ભાવ હરિમાં તે જીવવું કદી શક્ય ના,
ભક્તિનું તે પરિણામ ચોંટ્યું ચિત્ત હરિપદ;
જીવને તે પરિણામ પ્રત્યક્ષ પરખાય છે,
એનાં લક્ષણ જોવાને આઘે તો ના જવું પડે.

□

દલીલ, તર્ક-શંકા ના શમ્યાં સંપૂર્ણ જ્યાં સુધી,
ભક્તિનો રસ સંપૂર્ણ પાકો જામે ન ત્યાં સુધી;
વર્તાતાં વ્યવહારે ના અનાસક્તિ, નિરાગ્રહ,
ઘૂંટાયો ના પૂરેપૂરો એકડો ભક્તિનો હૃદ.

□

પાક્યા વિના હરિભક્તિ નવા પ્રાણ ફૂટે નહીં,
પ્રકૃતિનો બધો રંગ ઊતરી તે શકે નહીં;
તેથી અભ્યાસનું જોર રાખ્યાં સતત તે કરી,
મનાદિને પરોવ્યાં છે હરિના ચિંત્વને હૃદે.

ઘંટીનું પડ માયાનું ગળે જે વળગેલ છે,
કેમે કર્યુંય ના છૂટે કોટિ પ્રયત્નયે કરે;
ઉપાય એકલો માત્ર મુક્ત તેથી થવાતણો,
એકલી હરિની ભક્તિ માયાને પ્હોંચી તે વળે.

□

હરિ જેને વરેલો છે, બુદ્ધિ તેની કૃપાથી તે
-હરિ જેવી થતી જાય, ખૂબી તે ભક્તિની શી છે !
ભક્તિથી સૌ મનાદિ શાં થતાં એકાગ્ર તે રસે,
રહે રંગાયેલાં પૂરાં મનાદિ સૌ હરિરસે !

□

ખોતરી ખોતરી ઊંડું કૈં ભરાયેલ જે હતું,
બહાર ફેંકી દેવા તે બહુ કાળ મથ્યાં કર્યું;
ભજતાં ભજતાં, ભક્તિ શ્રીહરિની દિલે બઢી.
એની મેળે બધું ત્યારે સાફ ચોખ્ખું થઈ ગયું.

છતું-ઊંધું કશું પાસું જાગેલા દિલને ન છે,
બધે જેમાં અને તેમાં એને શ્રીહરિ ખાસ છે;
હાડોહાડ જ વ્યાપેલો ને શો તે પ્રસરેલ છે !
એના નશાની તે વાત કે'વા જવું પડે ન છે.

□

હરિની ઓથને લીધે જીવને હું ટકેલ છું,
મુશ્કેલી આવી છે તોયે હરિ સ્હાયે ટકાયું શું !
ચાલતાં લંગડાયો છું, અથડાયો હું શો ઊંધો !
હરિના આશ્રયે માત્ર ટકાયું ને ઉભાયું શું !

□

પ્રાણનો પ્રાણ મારો તું શ્વાસનો શ્વાસ મુજ તું.
જેમાં તેમાં બધાંમાંયે મારો આધાર માત્ર તું;
જે તે કર્મ થતાં તે તે તારા વડે થતાં જ છે,
તને સમર્થ જાણીને છેડો તારો ગ્રહેલ છે.

તારા વગરનો કેવો નમાલો સાવ હું પ્રભો !
તારે જોરે હું નાચું ને કૂદું છું શક્તિહીન હું;
તારી લગામ ઘાલીને ભાર ખેંચ્યા કરું બધો,
બાકી મારાથી શું થાય ! જોર છે માત્ર મારું તું.

☐

જીવનમાં બલિહારી બધી રીતની તારી છે,
ચઢિયાતું બીજું કોઈ હરિથી કોઈયે ન છે.
જીવનમાં બીજું કોઈ ન ક્યાંયે હોશિયાર છે,
બધી વિદ્યાકળામાં શો હરિ ઉત્તમ સૌથી છે !
હરિને આવડે સર્વ, બધી વિદ્યા ભણેલ તે,
હરિ સૌને ભણાવે છે, શિક્ષક શ્રેષ્ઠ શો હરિ !
ગુરુનોય ગુરુ શો એ ! હરિ માતાપિતાય છે,
સખાયે દિલનો શો તે ! સર્વ શ્રેષ્ઠ હરિ જ છે.

☐

મારવાં ડાફરિયાં મેં છોડી દીધેલ છે ખરે,
કૃપા શ્રીહરિની તેવી હું પરે ઊતરેલ છે;
હું બુડથલ બાકી શો શેક્યો પાપડ જે થકી
-ભાગ્યો ભગાય ના ! એવો સાવ ઢીલો પૂરો સહી.
છતાં જ્યારે ઢળ્યો એવો તારા પદે પ્રભુ મને
- કેવો બનાવિયો હાવાં, સિંહ શો મર્દ આજ જે !

બડાશો મારવી છોડી નમ્રમાં નમ્ર થૈ પદે,
'મેં આળોટવું રાખ્યું છે', એમાં આનંદ જાણીને;
ચરણામૃતનું પાન નિત્ય નિત્ય કર્યા કરી,
અમર થૈ જવાનું તો રાખ્યું છે દિલમાં ચહી.

□

નીકળેલા હરિપંથે અધવચ્ચે ઠરી ગયા,
ઠરતાં ઠરતાં કેવો છેક બરફ તે થયો !
ને પીગળી જતાં સાવ હતાં જેવાં શું તે બન્યાં !
પાછું સ્વરૂપનું ભાન થતાં ઉદ્યત શાં થયાં !

□

હરિને એકલાને મેં હૃદયે સાથ રાખીને,
તોફાન મસ્તીનો રંગ નશો કેવો ચઢેલ છે !
હરિનુંયે ઘણું કેવું તોફાન મસ્તી હોય છે !
થાકી શા જઈને પૂરા લોથપોથ થતા ખરે !

ખેલવું, કૂદવું ભાવે મ્હાલવું ભક્તિના રસે,
એવો જીવનમાં જેનો અભ્યાસ, નરશાર્દૂલ;
માડીજાયો શું કોઈક એનાં દર્શન દુર્લભ,
એવાં રત્નો છુપાયેલાં પૃથ્વીમાં શાં ઊંડે ઊંડે !

□

ઠેકાણું એકમાં માત્ર તે બરાબર યોગ્ય છે,
થતાં તેવું પૂરેપૂરું ચસકાતું ન ક્યાંય તે;
સહજ મેળ સંપૂર્ણ મનાદિ રાગમાં ઠરે,
તેવી ભક્તિની લિજ્જત માણનારો જ કોક છે.

□

જોઈએ તે મળે એવી ચમત્કારિક શી કૃપા !
હરિને ભજવાકેરો શો સર્વોત્તમ માર્ગ છે !
ભજતાં ભજતાં કિંતુ ડૂચો નીકળી જાય છે,
છતાં જે વળગી ર્‌હે તો વરે જયશ્રી આખરે.

મદદે જ્યાં હરિ પોતે, હરિ જ્યાં ગુરુ આપણો,
દોરાવે તેમ દોરાવા જ્ઞાન ને ભક્તિભાવથી;
શક્તિ કેળવાઈ છે કૃપા ને પુરુષાર્થથી,
ખૂંપાતાં હરિના પંથે મનાદિમાં શી મસ્તી છે !

□

રોમે રોમે ઊંડે ઊંડે પ્રસરાયેલ જે બધે,
હરિની મસ્તીનો ભાવ કહેવો શો અકથ્ય છે !
માત્ર મ્હાલી શકાયે તે, અનુભવી શકાય છે,
વાણી ટૂંકી પડે ત્યાં શી ! વ્યાપાર વાણીનો ન તે.

□

કેટલા કેટલા સ્પર્શ થયેલા તેતણો ઊંડો
-જે ઇતિહાસ છે ગૂઢ કહેતાં ના કથાય છે !
હરિના ભાવનો સ્પર્શ જ્યારે કૃપાથી જ્યાં થયો,
ત્યારે તો માત્ર શો ભાવ જ્યાં ત્યાં પ્રસરી તે રહ્યો !

અમે શા ભક્તિથી ઘેલા હરિના પદના છીએ !
‘હરિના પદનું નિત્ય ચિંત્‌વન’ વ્યવસાય છે,
રચેલા ને પચેલા શા હરિમાં જીવતા અમે !
અમારા જીવને ધંધો હરિના નામનો જ છે.

□

નિત્ય ને નિત્યનો કેવો સંબંધ હરિ સાથ છે !
હરિ વિના ઘડી વાર અમારે ચાલતું ન છે;
સથવારો અમારો તે જીવનનો ખરેખરો.
ચેતન માંહ્યલું જે છે, માત્ર શ્રીહરિ જ તો.

□

હિસાબ એકલો માત્ર અમને શ્રીહરિનો જ છે,
ગણતરી બીજાની તે અમારા દિલમાં ન છે;
જેમાં તેમાં જ મોટો છે શ્રીહરિ અમને સદા,
સૌ વ્યવહાર મારો તો શ્રીહરિ પાદપદ્મમાં.

વિપત્તિ, દુઃખ, આપત્તિ શી પારાવાર હોય છે !
તેમ છતાં ભજે છે જે તેવા શા ભક્ત વીર છે !
તેવાયે ભક્ત કો વેળા શા સપડાયેલ હોય છે !
છતાંયે હરિનો નેડો કેમે કર્યો ન છોડી દે.

□

હરિનો ભક્ત લાડીલો કામ લીધું મૂકી ન દે,
મૃત્યુની પરવા એ તો કરતો નથી કદીય તે;
ચલાવ્યા કરવું કામ યજ્ઞ એને ગણેલ છે,
મહત્ત્વ કર્મને મેં તો આપ્યાં ભાવે કરેલ છે.

□

પાપી પતિતનો કેવો માત્ર તારણહાર તે !
પતિતો કેટલા ભક્ત થયા, સ્તવી-સ્મરી ઊંડું;
પાપ કે પુણ્ય ના જોતો એવો શ્રીહરિ મુક્ત છે,
શ્રીહરિ ભક્તને ભાળે, ખોળે લે ચહી ભક્તને.

હરિના ભક્તને આવે મુશ્કેલી, વિઘ્ન, સંકટો,
છતાં તેનાથી તો પોતે કૈં આવરાઈ ના જતો;
પોતે પોતામહીં મસ્ત આઠે પ્હોર રમ્યાં કરે,
હરિના રસમાં કેવો મસ્ત ને મશગૂલ છે.

□

પોતાનો જે થતો તેનો ભાર ઉપાડતો હરિ,
ચિંતા, ફિકર, તેની સૌ પોતે શી રાખતો બધી !
મુશ્કેલી આપદામાં શો તેનો સંગાથ તે કરે !
પોતાનો ગણીને તેને નવાજી લે બધી રીતે.

□

વિઘ્ન, મુશ્કેલીની વચ્ચે આવરાઈ જતો ન તે,
આપત્તિ, આપદામાં તે અટવાતો ન હોય છે;
ઊંચા તે મસ્તકે કેવો સંસારે ફરતો જગે !
છતાં શો નમ્રમાં નમ્ર રહી, શ્રીહરિને ભજે !

હરિમાં રમવું જેનો સંપૂર્ણ શો વિલાસ છે !
હરિ શો માત્ર આધાર જેનો સંસારમાં જ છે !
ચિંતા, ફિકર, જેનાં સૌ શ્રીહરિ વ્હોરી લે શિરે,
એવા તે ભક્તને મારા લાખો કોટિ પ્રણામ છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુ:ખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો, અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવન-સાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

